Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૨A

## * ચૈતન્યની આરાધના *

મુમુક્ષુ જીવે પોતાના જીવનમાં જે કાંઈ કરવાનું છે તે પોતાની ચૈતન્યઆરાધના પુષ્ટ થાય-તે જ કરવાનું છે. દેવ-ગુરુની સેવા કે શાસ્ત્રસ્વાધ્યાય, સત્સંગ કે વૈરાગ્ય, ધર્મશ્રવણ કે સાધર્મીસંગ-તે બધાયમાં પોતાના આત્માની ચૈતન્યઆરાધના પ્રાપ્ત થાય ને પુષ્ટ થાય-એ જ મુમુક્ષુનું ધ્યેય, એ જ લક્ષ ને એ જ એક પ્રયોજન છે. ગુરુદેવ ફરીફરીને રોજેરોજ પ્રવચનમાં એ જ વાત ઘૂંટાવે છે. એ એક જ ભાવને અંતરમાં ઘૂંટીઘૂંટીને મુમુક્ષુઓ ચૈતન્યની આરાધના સુધી પહોંચે છે....ને પંચપરમેષ્ઠીની પ્રસન્નતા પ્રાપ્ત કરે છે.

જય હો આત્મઆરાધના-દાતાર ગુરુદેવનો !

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૮, પ્ર.વૈશાખ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ૨૯ : અધિક અંક

શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# 卐 ગુરુદેવના ઉપકાર 卐 [ સંપાદકીય ]



વૈશાખ સુદ બીજ આવી રહી છે...ને ગુરુકહાનજન્મની મંગલ વધાઈ લાવી રહી છે. ૭૦મી જન્મજયંતી ફત્તેપુરમાં ઉજવાઈ હતી, આજે ૧૩ વર્ષ બાદ ફરીને ૮૩મી જન્મજયંતીનો મહોત્સવ ઉજવવાનું સૌભાગ્ય ફત્તેપુરને મળે છે. જન્મોત્સવ ઉપરાંત જિનેન્દ્ર ભગવાનની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ, તેમજ જૈનધર્મની પ્રભાવનાને લગતા અનેક કાર્યક્રમો પણ ફત્તેપુરમાં તા. ૨ થી ૧૬ મે સુધીમાં થશે. ભારતના હજારો ભક્તો આ આનંદઉત્સવમાં ભાગ લેશે.

અહા, દેવ-ગુરુ-ધર્મના આવા મંગલ મહોત્સવ અને આત્મહિતનો માર્ગ જેમના પ્રતાપે પ્રાપ્ત થયો છે તે ગુરુદેવના ઉપકારની શી વાત! ગંભીર વીતરાગી ચૈતન્યતત્ત્વ જેઓ અત્યંત અનુગ્રહથી સદાય દેખાડી રહ્યા છે. તે ગુરુની સાચી સેવા ને આ જ્ઞાની ઉપાસના તો ચૈતન્યતત્ત્વને લક્ષગત કરીને જ થઈ શકે. અને પછી, એવા લક્ષપૂર્વક જે ઉત્સવ થાય તે, માત્ર જન્મનો ઉત્સવ નહિ પણ 'ચૈતન્યની આરાધનાનો અપૂર્વ ઉત્સવ' હોય-એવા ભાવથી ઉજવાય છે.-આપણે પણ વૈશાખ સુદ બીજે એવો જ મંગલ ઉત્સવ ઉજવીશું.

# સમ્યગ્દર્શન પક્ષાતિક્રાંત છે

પૂ. ગુરુદેવ જામનગરથી ચૈત્રસુદ દશમે વાંકાનેર પધાર્યા. ચૈત્ર સુદ દશમે સોનગઢના માનસ્તંભની પ્રતિષ્ઠાને ૨૦મું વર્ષ બેઠું, તે જ દિવસે વાંકાનેરના જિનમંદિરમાં ચાંદીના માનસ્તંભનું સ્થાપન પૂ. બેનશ્રી-બેનના સુહસ્તે (હંસાબેન મુગટલાલ જગજીવન તરફથી) થયું. આત્માના સમ્યક્ભાવમાં અનંત સિદ્ધભગવંતોની સ્થાપનારૂપ સુંદર મંગળ ગુરુદેવે સંભાળાવ્યું. વાંકાનેર એ સમ્યક્ત્વની સાધનાભૂમિ છે. સમ્યક્ત્વની આ સાધનાભૂમિમાં સમયસાર ગાથા ૧૪૪ દ્વારા ગુરુદેવે સમ્યગ્દર્શનને સાધવાનો અફર ઉપાય સમજાવ્યો. શ્રીગુરુમુખે તેનું શ્રવણ કરતાં પોતાની સ્વપરિચિત વસ્તુના શ્રવણ જેવો આનંદ થતો હતો. પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે નયપક્ષ-પછી તે ગમે તેનો પક્ષ હો-પણ તે પક્ષના વિકલ્પોવડે સમ્યગ્દર્શન થતું નથી; બહારના કોઈ પક્ષની વાત તો દૂર રહો, અંદર પોતાના એક આત્માના બે પડખામાંથી કોઈ એક પડખાના પક્ષના વિકલ્પમાં જે અટકે છે તે સમ્યક્ત્વને પામતો નથી એટલે કે સાચા આત્માને તે દેખાતો નથી. સમસ્ત નયોના પક્ષથી જે પાર છે, ને જ્ઞાનસ્વભાવમાં જ પોતાના મતિ-શ્રુતજ્ઞાનને વાળીને શુદ્ધઆત્માને જે અનુભવે છે તે જ સાચા આત્માને દેખે છે અને તે જ જીવ સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે છે. વાંકાનેરમાં વીરનાથનો જન્મોત્સવ પણ આનંદથી ઉજવાયો હતો; એ દિવસે વાંકાનેરના જિનમંદિરમાં વીરનાથપ્રભુની પ્રતિષ્ઠાને ૧૯ મું વર્ષ બેઠું; ગુરુદેવે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવીને વીરનાથના માર્ગને પ્રસિદ્ધ કર્યો. અહીં તે પ્રવચનો દ્વારા વીરમાર્ગને પ્રાપ્ત કરતાં મુમુક્ષુને આનંદ થશે.

જે પક્ષાતિક્રાંત છે તે જીવ 'સમયસાર' છે, –એટલે શું? બહારના બીજા વિકલ્પો તો દૂર રહો, અંતરમાં પોતાના આત્મા સંબંધી જે વિકલ્પો તે વિકલ્પને પોતાનું કાર્ય માનીને તેના પક્ષમાં જ્ઞાન અટકે તો તે જ્ઞાન વિકલ્પથી છૂટું પડીને જ્ઞાનસ્વભાવ તરફ ઢળે નહિ અને અને તેને શુદ્ધઆત્માનો અનુભવ થાય નહિ. જ્યારે જ્ઞાનસ્વભાવ તરફ ઝુકીને જ્ઞાનપરિણિતિ બધાં વિકલ્પોથી છૂટી પડી તે જ ક્ષણે એક અખંડ આત્મા શુદ્ધપણે અનુભવમાં આવ્યો; તે જીવ પક્ષાતિક્રાંત થયો. તે જ 'સમયસાર' છે, ને સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–આનંદ વગેરે પણ તે જ એક છે, બીજું કોઈ નથી.

આત્માનો આવો અનુભવ કેમ થાય? ને તે અનુભવ થતાં કેવો આત્મા દેખાય તેનું વર્ણન આ સમયસારની ૧૪૪ મી ગાથામાં છે. સીમંધર પરમાત્મા પાસેથી કુંદકુંદાચાર્યદેવ આ અલૌકિક સન્દેશ લાવ્યા છે. જેમ માણસોને વીખેરી નાંખવા સરકાર ૧૪૪ મી કલમ વાપરે છે, તેમ અહીં પરભાવોથી આત્માને ભિન્ન કરનારી આ ૧૪૪મી કલમ છે. આચાર્યદેવના સ્વાનુભવરૂપી કલમ વડે લખાયેલી આ ૧૪૪ મી ગાથા પરભાવોથી ભિન્ન એક શુદ્ધાત્માનો અનુભવ કરાવે છે.

ભાઈ, તારે તારા આનંદસ્વરૂપ આત્માને અનુભવવો છે ને? તો કોઈ વિકલ્પ તેમાં સમાય તેમ નથી, વિકલ્પોથી જુદું જ્ઞાનસ્વરૂપ છે તેને લક્ષમાં લે. જે જીવો પક્ષમાં અટકેલા છે તેમને શુદ્ધઆત્માના વેદનરૂપ સમ્યક્ત્વ થતું નથી. તેઓ તો પક્ષના વિકલ્પમાં જ અટકીને તેને વેદી રહ્યા છે. આત્મા બધાથી જુદો એકલો જ્ઞાનસ્વભાવી છે તે તો વિકલ્પોના બધા પક્ષોથી પાર છે. જ્ઞાન જ્યારે ઇન્દ્રિયાતીત થઈને અંદર વળ્યું ત્યારે બધા નયપક્ષના વિકલ્પોથી છૂટું પડ્યું એટલે તે પક્ષાંતિક્રાંત થયું; કોઈ સૂક્ષ્મ વિકલ્પ પણ તે જ્ઞાનને પોતાના કાર્ય તરીકે ભાસતો નથી, વિકલ્પથી એની જાત જ જુદી છે. આવું તે જ્ઞાન વિકલ્પાતીત થઈને, એટલે કે ચૈતન્ય સ્વભાવની સન્મુખ થઈને તરત જ મહા આનંદરૂપ–શાંત–ચૈતન્યરસપણે આત્માને અનુભવે છે; આવો અનુભવ થયો તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. તે ઇન્દ્રિયાતીત છે, વિકલ્પાતીત છે.

આત્માનો આવો અનુભવ કરવાના જિજ્ઞાસુ જીવે પ્રથમ તો ધર્માત્મા પાસેથી આત્માનો જ્ઞાનસ્વભાવ સાંભળ્યો છે; વિકલ્પનો એક અંશ પણ મારા જ્ઞાનનું કાર્ય નથી, વિકલ્પના સ્વાદ કરતાં મારા જ્ઞાનની જાત જ જુદી છે,–આ પ્રમાણે જ્ઞાની પાસેથી સાંભળીને લક્ષમાં લીધું છે, તેની ધગશ જાગી છે, તે જીવ અંતરમાં પ્રથમ તો પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે છે. જ્ઞાનનો જ નિર્ણય કર્યો ત્યાં જ્ઞાન બધાથી છૂટું પડી ગયું, રાગનો કોઈ અંશ તેને જ્ઞાનપણે ભાસતો નથી. આમ જ્ઞાન અને રાગનો નિર્ણય

કરીને પછી જ્ઞાનને ઇન્દ્રિયો–તથા રાગાદિથી પાછું વાળીને અંતરમાં બધા જ્ઞાનને એકાગ્ર કરે છે ને નિર્વિકલ્પ આત્માને અનુભવે છે. આવા અપૂર્વ અનુભવની આ વાત છે. અનુભવની આવી વાત સાંભળવાનું પણ મહા ભાગ્યથી મળે છે. આત્મામાં સમ્યક્ત્વનો નવો રંગ ચડાવવાની આ વાત છે. એકવાર આવા આત્માનો રંગ ચડી જાય તે જીવ રાગથી છૂટો પડીને જ્ઞાનસ્વભાવનો સાક્ષાત્ અનુભવ કરે જ. વિકલ્પોથી અત્યંત વિરક્ત થઈને જ્ઞાનસ્વભાવમાં તન્મયપણે પરિણમ્યો તે પોતે પોતાને પરમાત્માપણે અનુભવે છે; ને આવો અનુભવ કરનાર જીવ અલ્પકાળમાં સાક્ષાત્ પરમાત્મદશારૂપ મોક્ષને પામે છે.

## 卐 ૧૪૪ મી ગાથા એટલે આત્માના અનુભવની ગાથા 卐

આ ૧૪૪ મી ગાથા તો આત્માના અનુભવની ગાથા છે. આત્માનો અનુભવ કરનાર, વિકલ્પાતીત શુદ્ધઆત્મા કેવો છે તે અહીં બતાવે છે.

નયના પક્ષરૂપે જે વિકલ્પો છે તેમાં શુદ્ધતા નથી, તેનાથી જુદું પડીને અંતર્મુખ થયેલું જ્ઞાન જ શુદ્ધ છે,–આવો નિયમ બતાવીને જ્ઞાન અને વિકલ્પનું તદ્દન જુદાપણું સમજાવ્યું. બંનેની જાત જ જુદી છે. નવતત્ત્વમાં આત્મા કેવો છે તેનું સ્વરૂપ જ્ઞાન જ નક્કી કરે છે; રાગ તો જુદો રહી જાય છે. રાગને પોતાનું કાર્ય માનીને તેના કર્તૃત્વમાં અટકેલું જ્ઞાન, ચૈતન્યસ્વરૂપ આત્માનો નિર્ણય કરી શકતું નથી. રાગનો વિકલ્પ કાંઈ આત્માની સન્મુખ થઈને તેનો નિર્ણય કરતો નથી, આત્માની ચૈતન્ય જાતથી તેની જાત જ જુદી છે. ચૈતન્યનો નિર્ણય જ્ઞાનવડે જ થાય છે. આ અનંતકાળમાં અર્પૂર્વ એવું પહેલાંમાં પહેલું સમ્યગ્દર્શન થાય–તે વખતની જીવની દશાની વાત છે. અહો, સમ્યગ્દર્શન ધર્મ કેવો છે? ને તેમાં અંતરના અનુભવની ક્રિયા કેવી છે? તેનું અલૌકિક સ્વરૂપ અહીં વીતરાગી સંતોએ સમજાવ્યું છે. આવા અનુભવરૂપ થયેલા આત્માને જ સાચો આત્મા કહીએ છીએ; તે જ સમ્યગ્દર્શનાદિ છે. જે કાંઈ છે તે આ અનુભવસ્વરૂપ એક આત્મા જ છે.

કુંદકુંદાચાર્યદેવ અનુભવના આનંદમાં ઝુલનારા મહાન વીતરાગી દિગંબર સંત બેહજાર વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં થયાં, તેઓ વિદેહક્ષેત્રમાં ગયા અને ત્યાં સીમંધર પરમાત્માની વાણી સાક્ષાત્ સાંભળીને અહીં આવ્યા. તેઓ ભગવાનના આડતિયા તરીકે મહાવિદેહથી લાવીને ભગવાનના આ સન્દેશ આપે છે; જેનાથી આત્માનું સમ્યગ્દર્શન

થાય–એવો ઊંચો આ માલ છે, તે જેને ખપે તેઓ લ્યો. અહીં તો ભંડાર ખુલ્લા મુકી દીધા છે.

સમ્યગ્દર્શન થવાના કાળે જીવના ભાવ કેવા હોય છે તેની આ વ્યાખ્યા છે. આત્મા પોતાના નિજરસથી જ અનંતગુણના અનાકુળ શાંત સ્વાદરૂપ પરિણમે છે. વિકલ્પનો સ્વાદ રાગવાળો છે ને ચૈતન્યનો સ્વાદ રાગ વગરનો મહા આનંદરૂપ છે, –બંનેનો સ્વાદ જુદો છે. જેણે ચૈતન્યનો સ્વાદ કદી ચાખ્યો ન હતો એવો જીવ તે સ્વાદ ચાખવા માટે પહેલાં પોતાના જ્ઞાનમાં કેવા આત્માનો નિર્ણય કરે છે, ને પછી તરત આત્માનો કેવો અનુભવ કરે છે, તેનું આ વર્ણન છે. અહા, સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળે આખુંય ધ્યેય બદલાઈ ગયું છે, જ્ઞાનસ્વભાવને જ ધ્યેય બનાવતાં વિકલ્પ વગરના એકલા આનંદનો સ્વાદ આવ્યો છે. વિકલ્પ વગરનો આવો આનંદ જીવે પહેલાં કદી ચાખ્યો ન હતો, તે સ્વાદ સમ્યગ્દર્શન થતાં અનુભવમાં આવ્યો.

આવી સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપે પરિણમેલા આત્માને જ અહીં 'સમયસાર' કહ્યો, તેને શુદ્ધઆત્મા કહ્યો; કેમકે વિકલ્પો જુદા પડી ગયા, પણ શુદ્ધ પરિણતિ તો અંતરની અનુભૂતિમાં અભેદ થઈ; વિકલ્પો તેમાં ન આવ્યા, કેમકે તે વિકલ્પો કાંઈ ચૈતન્યની જાત નથી, વિકલ્પો તો જડની જાત છે. આવા ચૈતન્યતત્ત્વમાં પ્રવેશ કરવા માટે પ્રથમ જ્ઞાની પાસેથી શ્રવણ કરીને પોતાના જ્ઞાનમાં તેનો નિર્ણય કરવો જોઈએ કે જ્ઞાનસ્વભાવી તત્ત્વ જ હું છું. આવા નિર્ણયના જોરે જ્ઞાનને સ્વસન્મુખ કરીને અનુભવ થાય છે.

સમ્યગ્દર્શન પ્રગટ કરનાર જીવ પહેલાં તો જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરે છે. 'આત્મા એક જ્ઞાયકભાવ છે.' એમ વીતરાગી સંતોએ શ્રુતમાં કહ્યું છે, તેના ભાવ–શ્રુતવડે અંતરમાં વિકલ્પથી જરાક આઘો ખસીને તે જીવ એમ નક્કી કરે છે કે હું જ્ઞાનસ્વભાવ છું; જ્ઞાનથી અન્ય કોઈ ભાવ હું નથી. આવા દ્રઢ નિર્ણયપૂર્વક જ્ઞાનને સ્વસન્મુખ કરતાં આત્માના સમ્યક્સ્વભાવનો અનુભવ થાય છે; ત્યાં જ્ઞાનમાં કોઈ નય–પક્ષના વિકલ્પ રહેતા નથી.

નિર્ણય કોનો કરવો? હું જ્ઞાનસ્વભાવ છું–એમ નિર્ણય કરવો. તે નિર્ણય કોનાવડે કરવો? જ્ઞાનવડે તે નિર્ણય થાય છે. વાણીવડે નહિ, વિકલ્પવડે નહિ, તેનાથી અધિક ઇન્દ્રિયાતીત જ્ઞાનવડે આત્મસ્વભાવનો નિર્ણય થાય છે.

ભગવાનના શ્રુતમાં તો આખા જગતનું વર્ણન છે; પણ તેમાં મારે પ્રયોજન મારા જ્ઞાનસ્વભાવ સાથે છે; તેથી જીવ પ્રથમ શ્રુતજ્ઞાનવડે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય

કરે છે. જગતનાં બીજા તત્ત્વો મારાથી જુદાં છે, તેમની સાથે મારે કાંઈ પ્રયોજન નથી, આ દેહ પણ જડ છે–જુદો છે; અંદરના શુભાશુભભાવો પણ ખરેખર હું નથી. 'હું શુદ્ધ છું' ઇત્યાદિ વિકલ્પરૂપ નયપક્ષ તે પણ મારું સ્વરૂપ નથી; વિકલ્પથી પાર અનુભવમાં આવતું જે જ્ઞાનમાત્ર સ્વરૂપ તે જ હું છું.–આમ મુમુક્ષુજીવ નિર્ણય કરે છે.

જુઓ, આવા આત્માનો જે નિર્ણય કરાવે એવા જ દેવ–ગુરુ–શાસ્ત્રને તે મુમુક્ષુ માને છે; પણ આવા આત્માનો નિર્ણય ન કરાવે ને વિપરીત કહે–તેવા કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને મુમુક્ષુ માને નહિ. આમાં દેશનાલબ્ધિ પણ આવી ગઈ; સાચા દેવગુરુએ એમ સંભળાવ્યું કે 'આત્મા તો જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાનતત્ત્વ વિકલ્પરૂપ નથી. આવું ભેદજ્ઞાન કરીને જ્ઞાનસ્વભાવને નક્કી કર.'

અહો, આનંદધામ મારો આત્મા, તેમાં ક્યાંય વિકલ્પની આકુળતા નથી.–આવો નિર્ણય કરીને વિકલ્પથી જુદા જ્ઞાનને અનુભવમાં લે. અહા, આવો નિર્ણય કરવા જાય ત્યાં પરિણતિ જ્ઞાનસ્વભાવમાં જ ઘૂસી જાય, ને જ્ઞાનસ્વભાવ સિવાય બીજા કોઈ પરભાવમાં તેની પરિણતિ અટકે નહિ. જ્ઞાન અને રાગની ભિન્નતાનો નિર્ણય કરવામાં રાગનું આલંબન નથી, જ્ઞાનસ્વભાવનું જ અવલંબન છે. અહા, એકવાર અંદર ચૈતન્યમાં ઊતરીને આવો નિર્ણય તો કર કે જ્ઞાનસ્વભાવ જ હું છું. તારા જ્ઞાનસ્વભાવની મહાનતા અને ગંભીરતા લક્ષમાં લેતાં જ વિકલ્પથી તું જુદો પડી જઈશ; ને તારો આત્મા જ તને પરમાત્મારૂપે દેખાશે. એ જ સમ્યગ્દર્શન છે, તે જ સમયસાર છે.

અનુભવ પહેલાંની ભૂમિકામાં વિકલ્પ હોવાં છતાં જ્ઞાને તેનાથી અધિક થઈને એમ નિર્ણયમાં લીધું છે કે વિકલ્પ હું નથી, વિકલ્પથી પાર અખંડ જ્ઞાનતત્ત્વ હું છું અનેક વિકલ્પોથી જુદો એક જ્ઞાનભાવ હું છું. આમ વિકલ્પના કાળે વિકલ્પથી ભિન્નતા નક્કી કરવી તે કામ જ્ઞાનનું છે, ને તે વિકલ્પથી અધિક છે, જુદું છે. આમ અંદરના વેદનમાં જ્ઞાન અને રાગની તદ્દન ભિન્નતા ધર્મીને ભાસે છે.

જ્ઞાનસ્વભાવી આત્માનો જે નિર્ણય છે તે નિર્ણય કરનારું જ્ઞાન આત્માને વિકલ્પથી જુદો આનંદસ્વરૂપે પ્રસિદ્ધ કરે છે. આત્મા ઇન્દ્રિયવાળો–રાગવાળો છે એમ તે જ્ઞાન પ્રસિદ્ધ નથી કરતું, પણ વિશ્વથી ભિન્ન જ્ઞાન–આનંદસ્વરૂપ પરમાત્મા હું છું–એમ તે જ્ઞાન પ્રસિદ્ધ કરે છે. ઇન્દ્રિયજ્ઞાનમાં કે વિકલ્પમાં એવી તાકાત નથી કે તે આત્માને પરમાત્માસ્વરૂપે પ્રસિદ્ધ કરે. સ્વતત્ત્વની પ્રસિદ્ધિમાં એટલે કે આનંદમય આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–અનુભવમાં રાગનું કે ઇન્દ્રિયનું અવલંબન નથી.

આત્માથી ભિન્ન બહારના કોઈ પણ પદાર્થ, ભગવાન કે ગુરુ તે પણ પરપદાર્થ છે, તે પરની સન્મુખ અટકેલું જ્ઞાન આત્માને તેનાથી ભિન્ન પ્રસિદ્ધ કરતું નથી. આત્માને પ્રસિદ્ધ કરવા માટે જ્ઞાનની બુદ્ધિને પર તરફથી પાછી વાળીને જ્ઞાનીસ્વભાવમાં લાવવાની આ વાત છે. આ વિધિથી જેને સમ્યગ્દર્શન થયું તે તો ભગવાન થઈ ગયો. ઇન્દ્રિયજ્ઞાન કે મનના વિકલ્પો તે કાંઈ આત્માને અનુભવી શકતા નથી, માટે તેનાથી તારી બુદ્ધિને પાછી વાળ, ને તારા ઉપયોગની સર્વશક્તિને અખંડપણે આત્માસ્વભાવની મર્યાદામાં લાવીને અનુભવ કર....આ રીતે જ્ઞાન અંતરમાં વળતાં તરત જ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન આત્મા અનુભવમાં આવશે. તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; તેને જ 'સમયસાર' અને 'પક્ષાતિક્રાંત' કહીએ છીએ.

ઇન્દ્રિયાતીત જ્ઞાનની ભૂમિકામાં આનંદનો અનુભવ પાકે; પણ વિકલ્પની ભૂમિકામાં આનંદનો અનુભવ પાકે નહીં. જેમ તીર્થંકર જેવાં રત્ન એની માતાના પેટે જ પાકે, બીજે ન પાકે; તેમ ચૈતન્યના અનુભવરૂપ સમ્યક્ત્વાદિ આનંદરૂપ રત્નો વિકલ્પમાં કે ઈન્દ્રિજ્ઞાનમાં ન પાકે, ઈન્દ્રિયાતીત–વિકલ્પાતીત સ્વસન્મુખ જ્ઞાનમાં જ તે પાકે. ( ચાંપાનું દ્રષ્ટાંત )–

અરે, મહા આનંદરૂપ અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વને સાધવું તેમાં તો કેટલી અલૌક્કિ પાત્રતા હોય! જેમ ચાંપો માતાની સંસારની ચેષ્ટાને દેખી ન શક્યો ને તરત તેણે મોઢું ફેરવી નાંખ્યું. તેમ સ્વાનુભાવ કરનારો આ ચૈતન્ય–ચાંપો, પરભાવોથી પોતાનું મોઢું ફેરવી નાંખે છે, એક વિકલ્પના અંશનેય તે ચૈતન્યભાવમાં દેખી શકતો નથી, વિકલ્પોને ચૈતન્યથી જુદો ને જુદો જ દેખે છે ને તેનાથી મુખ ફેરવીને, જ્ઞાનને આત્મસન્મુખ કરે છે. આવા 'ચાંપા' કાંઈ ઘેરઘેર નથી પાકતા, એ તો એની માતાની કુંખે જ પાકે–એની માતા પણ કેવી? કે ચાંપાએ જ્યારે મોઢું ફેરવી લીધું તે દેખીને તે માતા એવી શરમાઈ ગઈ કે બળીને મરી ગઈ. આટલી તો જેની વ્યવહારની ખાનદાની.... એવી માતાની કુંખે ચાંપો પાકે. તેમ ચૈતન્યના અનુભવનો કામી જીવ બાહ્યવૃત્તિના એક અંશને પણ પોતામાં સહી શકે નહિ; શુભવિકલ્પના અંશનીયે મીઠાશ જેને રહી જાય તે જીવ ચૈતન્યના અનુભવરૂપ ચાંપાને જન્મ આપી શકે નહીં. બાપુ! વિકલ્પની કુંખે ચૈતન્યના અમૃત ન પાકે! એ તો ચિદાનંદાસ્વભાવની સન્મુખતારૂપ અતીન્દ્રિયજ્ઞાનથી જ પાકે.

હવે અહીં તો આત્માનો આવો સીધો અનુભવ કેમ થાય? ને સમ્યગ્દર્શન કેમ થાય? તેનું વર્ણન છે. ભાઈ! આત્માના અનુભવની આવી ઉત્તમ વાત સાંભળવા

તું આવ્યો, આવી વીતરાગી વાત સંભળાવનારા દેવ–ગુરુને તેં માન્યા, એટલે શુભવિકલ્પ સુધી તો તું આવેલો જ છો. પણ હવે તે શુભવિકલ્પના પક્ષમાં અટકીશ તો તને આત્મા હાથ નહિ આવે. અંતરમાં ઢળતું જે પરમ શાંતરસરૂપ જ્ઞાન, તેમાં વિકલ્પોની આકુળતા પાલવે નહિ. જ્ઞાનનું વેદન કરતાં તે આકુળતા ટળી જાય છે, નિરાકુળ પરમસુખરૂપે આત્મા અનુભવાય છે.

અહા, ચૈતન્યતત્ત્વને પકડનારા જ્ઞાનની પરમ સૂક્ષ્મતા, તેની પાસે નયપક્ષના વિકલ્પો તો અત્યંત સ્થૂળ લાગે છે. એ સ્થૂળ વિકલ્પોમાં અતીન્દ્રિય ચૈતન્યને પકડવાની તાકાત નથી. જ્ઞાનને ઇન્દ્રિયથી ભિન્ન કરીને, વિકલ્પોથી જુદું કરીને આત્મસન્મુખ કર ત્યારે નિજરસથી પ્રગટ થતું એવું તારું પરમ આત્મતત્ત્વ તને સાચા સ્વરૂપે દેખાશે ને સાક્ષાત્ અનુભવમાં આવશે. આ જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શન તે આત્મા જ છે. તે કોઈ નયપક્ષ વડે ખંડિત થતો નથી, વિકલ્પો તેમાં પ્રવેશી શકતા નથી. આવા સમ્યક્ભાવરૂપે પરિણમેલો આત્મા આખા જગત ઉપર તરતો છે; કોઈ પરભાવોથી કે સંયોગથી તેનું જ્ઞાન દબાતું નથી, પણ છૂટું ને છૂટું જ્ઞાનપણે જ રહે છે, તેથી તે તરતો છે. અહા, આ અનુભવદશાની જગતને ખબર નથી. પર્વત ઉપર વીજળી પડી ને બે કટકા થયા, તે ફરી સંધાય નહિ, તેમ સ્વસન્મુખજ્ઞાનરૂપ વીજળીવડે જ્ઞાન અને રાગની ભિન્નતા થઈને બે કટકા થયા, તે હવે કદી એક થાય નહિ. વિકલ્પોથી જ્ઞાન જુદું પરિણમ્યું તે કદી વિકલ્પ સાથે એક થઈને પરિણમે નહિ, જુદું ને જુદું રહે. જ્ઞાનીનું જ્ઞાન તો સદાય વિકલ્પથી જુદું જ છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ સાતમી નરકના પ્રતિકૂળસંયોગો વચ્ચે પણ જીવ કરી શકે છે. –જ્ઞાનની દશાને અંતરમાં આનંદના દરિયામાં વાળી દીધી, ત્યાં સંયોગ સંયોગમાં પડયાં રહ્યા; સાતમી નરકના સંયોગ વચ્ચે પણ જ્ઞાનને જ્યાં અંદર વાળ્યું કે તત્કાળ મહા આનંદનો અનુભવ થાય છે. આનંદ તો પોતામાં ભર્યો છે, તેમાં ઉપયોગ વાળે એટલી જ વાર છે. બાપુ! તારા આ ચૈતન્યસરોવર સિવાય સાચી શાંતિના જળ તને બીજે ક્યાંય નહીં મળે. રાગના વિકલ્પો તો ઝાંઝવાનાં જળ જેવાં છે, તેના વડે તારી તૃષા નહીં છીપે, એમાં તને શાંતિ નહીં મળે.

ભાઈ, તને તારા આત્માની શાંતિ કેમ મળે તેની આ વાત સંતો તને સંભળાવે છે. તું આ વાત પ્રેમથી સાંભળ તો ખરો! સાંભળ તો ખરો! સાંભળીને પછી અંદરમાં તેમ કરવાનું તારે પોતાને છે, એ કાંઈ સંભળાવનાર તને કરાવી દે તેમ નથી. પણ હજી સાંભળવા જેટલી ને લક્ષમાં લેવા જેટલીયે ધીરજ જેને ન હોય તે અંદર અનુભવનો પ્રયોગ ક્યારે

કરે ? અરે, ચૈતન્યના અનુભવમાં તો કેટલી ધીરજ ! જ્ઞાનની કેટલી ગંભીરતા ! ચૈતન્યસન્મુખ થયો ત્યાં આત્મા પોતે જ પોતાની ચૈતન્યશક્તિના નિજરસથી પ્રગટ થાય છે, પોતાની શક્તિથી જ તે સમ્યક્ત્વાદિરૂપે તથા આનંદરૂપે પરિણમી જાય છે. અહો ! ચૈતન્યદરિયો અંદરથી પોતે જ પર્યાય ઉલ્લસે છે, તેમાં બહારનું કોઈ કારણ નથી, કોઈ વિકલ્પો ત્યાં રહેતાં નથી.

અહો, આત્માના અનુભવની આવી વાત તીર્થંકરભગવાન કહેતા હોય ત્યારે ઇન્દ્રો–ગણધરો ને ચક્રવર્તી જેવા પણ તે સાંભળીને આનંદથી ઉલ્લસી જાય છે કે વાહ ! ચૈતન્યના આ અપૂર્વ નિધાન પાસે દેવલોકનાં નિધાન અત્યંત તૂચ્છ છે. ઇન્દ્ર વગેરે પોતે સમકિતી છે, અને પોતાને પ્રગટેલી તે ચૈતન્યઋદ્ધિનું વર્ણન ભગવાન પાસે કે સંતો પાસે સાંભળતાં આનંદિત થાય છે કે વાહ! મારા આવા અપૂર્વ નિધાન મેં મારામાં દેખી લીધા છે; ને તે જ સંતો સંભળાવે છે.

અહો, ચૈતન્યના અનુભવની કથા કેવી અદ્ભુત છે! ઇન્દ્રો જે સાંભળવા માટે સ્વર્ગમાંથી મનુષ્યલોકમાં આવે એ કથા તો શું ‘ચકલા–ચકલીની વાર્તા’ જેવી હશે ? બાપુ ! આ તો ભગવાનના કોઈ અપૂર્વ માર્ગ છે. ભગવાનનો માર્ગ એટલે તારા આત્માના સ્વભાવનો આ અપૂર્વ માર્ગ છે. અત્યાર સુધી આ માર્ગ ભૂલીને તેં બીજી રીતે માર્ગ માની લીધો હતો, એમાં ક્યાંય તારા ભવના આરા ન આવ્યા. હવે એકવાર આ માર્ગમાં આવ. તને તારો આત્મા એવો દેખાશે કે આખા જગતથી અત્યંત છૂટો હું છું. ચૈતન્યરસનો આખો સમુદ્ર આત્મામાં ઉલ્લસે છે, ને પોતે પોતાના આત્મરસથી જ નયપક્ષોને ઓળંગીને નિર્વિકલ્પભાવને પહોંચી વળે છે. જ્ઞાન અંતર્મુખ થયું ત્યાં આત્મા ઝડપથી–તુંરત જ પોતાના મહા આનંદસ્વરૂપે પ્રગટે છે, પરમાત્મસ્વરૂપે પોતે પ્રસિદ્ધ થાય છે. જગતમાં સૌથી ઊંચું એવું મહાન પરમ આત્મતત્ત્વ હું છું–એમ ધર્મી અનુભવે છે. જ્ઞાનરસથી ઉલ્લસતો આ ભગવાન સ્વાનુભવમાં પ્રગટયો–તેને સમ્યગ્દર્શન કહો, જ્ઞાન કહો, આનંદ કહો, પરમાત્મા કહો; અનંતગુણનો નિર્મળ રસ તેમાં એક સાથે ઉલ્લસે છે. આવા આત્માને નિભૃતપુરુષો–આત્મલીન આત્માના રસીલા જીવો અનુભવે છે. અહો ! આ અનુભૂતિ અદ્ભુત છે ! વિકલ્પવડે એના મહિમાનો પાર આવે તેમ નથી.

અહા, આનંદનો નાથ આત્મા પોતે પ્રસિદ્ધ થયો ત્યાં હવે દુઃખ કેવા ? ને કર્મ કેવા ? અનાદિથી અજ્ઞાનીપણે વિકલ્પનાં ઝેર પીધાં હતાં, હવે તો પૂર્ણાનંદી–પરમાત્મા હું પોતે છું –એવા નિર્વિકલ્પ વેદનવડે ચૈતન્યના અમૃત પીધાં; આત્મા જેવો

છે તેવો સાચો દેખાયો, તે જ સમ્યગ્દર્શન છે; પૂર્ણ આત્મા જેવો છે તેવો તેણે દેખી લીધો, જાણી લીધો; તે પક્ષાતિક્રાંત થઈ ગયો. સમ્યગ્દર્શનપર્યાયરૂપ થયેલા તે આત્માને 'સમયસાર' કહેવામાં આવે છે; તેને પરમઆત્મા કહે છે, તેને ભગવાન કહે છે. તે જ જગતમાં સુખીયા સંત છે.

આત્માના આવા અનુભવનો ઘણો મહિમા આગમમાં ગાયો છે; સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને આનંદ તે આ અનુભવમાં જ સમાય છે, અનુભવથી તે જુદાં નથી. મોક્ષમાર્ગ પણ આવા અનુભવમાં સમાય છે.–

અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.

આવા અનુભવવાળા સમ્યગ્દ્રષ્ટિનાં અંતર જગતથી ન્યારા છે.

*** મહાવીરનાથના વીરમાર્ગને પ્રસિદ્ધ કરતું, ચૈત્રસુદ તેરસનું પ્રવચન આપ હવે વાંચશો ***

## આત્મા એવડો મોટો, જેનો જગમાં છે નહીં જોટો.

**અંતરના ઊંડાણમાંથી બધાય સંતો કહે છે કે અહો! ચૈતન્યતત્ત્વનો મહિમા ઘણો ઊંડો છે. અનંતા ગંભીરભાવોથી ભરેલો આત્મા એવડો મોટો છે કે જગતમાં ક્યાંય એનો જોટો નથી. બધા જ શાસ્ત્રોએ ચૈતન્યની મહાનતાનો મહિમા ગાયો છે, અને છતાં વચનથી એનો મહિમા પૂરો પડતો નથી, અનુભવથી જ એનો પાર પમાય છે.**

**જ્ઞાયકભાવથી ભરેલો, પરમઆનંદથી પૂરો, અને ઇન્દ્રિયોથી પાર એવો મહાન પદાર્થ સ્વયં હું જ છું; આ ચૈતન્યથી ઊંચી કે સુંદર વસ્તુ જ જગતમાં કોઈ નથી-કે જેમાં ઉપયોગ ઠરે. -આવા પોતાના જ્ઞાયક મહાત્માને જેણે લક્ષમાં લીધો તે જીવ જગતનો નાયક થયો.**

**અહા, આત્માનું અચિંત્ય વીતરાગીસામર્થ્ય, એની અચિંત્ય વિશાળતા, એની પરમ શાંતિ,-શ્રીગુરુમુખે જેનું શ્રવણ કરતાં મુમુક્ષુને હર્ષ થાય, જેનું ચિંતન કરતાં હર્ષાનંદ જાગે, અને જેનો અનુભવ કરતાં તો...... 'અહો શી વાત!'**

# ભગવાન મહાવીરે સાધેલો અને દિવ્યધ્વનિ દ્વારા દેખાડેલો આત્માનો સ્વભાવ

[ વાંકાનેરઃ ચૈત્રસુદ તેરસનું મંગલ પ્રવચનઃ સ. ગા. ૧૪૪ ]

આજે ભગવાન વીરપરમાત્માના જન્મનો મંગલ દિવસ છે. તે આત્મા તીર્થંકર થયા પહેલાં અનાદિ સંસારમાં રખડતાં રખડતાં, પૂર્વભવોમાં સમ્યગ્દર્શન પામ્યા; ને પછી ઉન્નતિક્રમમાં આગળ વધતાં વધતાં ત્રીજા પૂર્વભવમાં મુનિદશામાં ૧૬ ભાવનાપૂર્વક તીર્થંકરપ્રકૃતિ બંધાણી; ને છેલ્લા ભવે આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકરપણે અવતર્યા; ઇન્દ્રોએ જન્મકલ્યાણનો મોટો ઉત્સવ કર્યો. તેનો આજે દિવસ છે. ભગવાનના આત્માને સમ્યગ્દર્શન તેમ જ અવધિજ્ઞાન તો જન્મથી જ હતાં. પછી ત્રીસવર્ષની વયે કુમાર અવસ્થામાં પ્રભુને જાતિસ્મરણજ્ઞાન થયું; પૂર્વભવોમાં આત્મા ક્યાં હતો તે દેખ્યું, ને વૈરાગ્ય ઘણો વધી ગયો; તેથી દીક્ષા લઈને મુનિ થયા. મુનિ થઈને આત્માના જ્ઞાન-ધ્યાનપૂર્વક સાડાબાર વર્ષ સુધી વિચારતાં-વિચારતાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું, ને અરિહંતપરમાત્મા થયા. આત્માના આનંદમાં ઝુલતાં-ઝુલતાં ભગવાન કેવળજ્ઞાન પામ્યા હતા. કેવળજ્ઞાન થયા પછી તે વીરનાથ ભગવાને દિવ્યધ્વનિ દ્વારા આત્માનો કેવો સ્વભાવ બતાવ્યો તેનું આ વર્ણન છે.

હું જ્ઞાનસ્વભાવ છું-એમ જેણે શ્રુતના અવલંબનથી નક્કી કર્યું છે તે જીવ જ્યારે મતિ-શ્રુતને અંતર્મુખ કરીને અંતરમાં આનંદના નાથને ભેટે છે, ચૈતન્યભગવાનને સ્પર્શે છે, ત્યારે નયના બધા વિકલ્પોથી તે છૂટો પડી જાય છે, ને નિર્વિકલ્પપણે વિજ્ઞાન-ઘનસ્વભાવમાં પહોંચી જાય છે.

નયપક્ષના વિકલ્પ વગરનો આત્મા સ્વાનુભવના આનંદથી સ્વયંમેવ શોભે છે. જેમ ભગવાન અરિહંતદેવનું શરીર આભૂષણ વગર જ સ્વયંમેવ શોભે છે; તેમ ચૈતન્યતત્ત્વ પોતે સ્વભાવથી જ જ્ઞાન-આનંદમય છે, પોતાના જ્ઞાન-આનંદવડે તે સ્વયમેવ શોભે છે. આવા ચૈતન્યતત્ત્વને શોભા માટે કોઈ વિકલ્પના આભૂષણની જરૂર નથી. વિકલ્પલક્ષણવડે ભગવાન આત્મા લક્ષિત થતો નથી; વિકલ્પથી ભિન્ન થયેલું જે જ્ઞાન,

તે જ્ઞાનના આભૂષણ વડે આત્મા શોભે છે, તે જ્ઞાનલક્ષણ વડે ભગવાનઆત્મા લક્ષિત થાય છે. આવા આત્માને લક્ષમાં લેવો તે ભગવાન મહાવીરનો સન્દેશ છે. આવી આત્મવિદ્યા તે હિંદુસ્તાનના ઘરની વિદ્યા છે. આવી અધ્યાત્મવિદ્યા એ જ ભારતની મૂળ વિદ્યા છે.

અહા, સમ્યગ્દર્શન થતાં આત્મા ભગવાન થઈ ગયો. સમ્યગ્દર્શન થતાં સ્વસંવેદનજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ વેદાય છે. જેણે આવું વેદન કર્યું તે જીવ વીરના માર્ગમાં આવ્યો. ધર્મીને અનુભૂતિમાં વિકલ્પ ન હોવા છતાં પોતે સ્વયં પોતાને આનંદરૂપે વેદાય છે. વિકલ્પનું તરણું ખસી જતાં ઓહો! આનંદનો મોટો પહાડ દેખાણો! વાહ રે વાહ! મેં મારા ચૈતન્યભગવાનને, મારા આનંદના દરિયાને મારામાં દેખી લીધો; વિકલ્પ વગર મારો આત્મા મને સ્વયં આસ્વાદમાં આવે છે. આત્માના આનંદનો સ્વાદ લેવા માટે વચ્ચે વિકલ્પની જરૂર પડે એવો આત્મા નથી; વિકલ્પ વગરનો મારો ચૈતન્યરસ મને સ્વયં સ્વાદમાં આવી રહ્યો છે. –આવી આત્માઅનુભૂતિ થઈ તે વીરનો માર્ગ છે. પોતે વીરના માર્ગે ચાલ્યો જાય છે.

વિકલ્પ સાથે જેને કર્તા–કર્મપણું છે તે જીવ નિર્વિકલ્પ આત્માને અનુભવી શકતો નથી, તેને સમ્યક્ત્વના આનંદનો સ્વાદ આવતો નથી. જે જીવ વિકલ્પથી છૂટીને જ્ઞાનભાવરૂપ પરિણમ્યો છે તે વિકલ્પને કરતો નથી, વિકલ્પથી છૂટો ને છૂટો જ્ઞાનભાવરૂપ જ રહે છે. સમ્યક્ત્વાદિ જ્ઞાનભાવરૂપ રહેવું ને વિકલ્પના કર્તા પણ થવું–એ બે વાત એક સાથે બની શકે નહિ. જે જ્ઞાતા છે તે વિકલ્પનો કર્તા નથી, અને જે વિકલ્પનો કર્તા છે તે જ્ઞાતા નથી. જ્ઞાનમાં વિકલ્પ નથી, વિકલ્પમાં જ્ઞાન નથી. આમ વિકલ્પ અને જ્ઞાનની ભિન્નતા કરીને જ્ઞાનરૂપ પરિણમવું તે વીરનો માર્ગ છે. વીરનો માર્ગ પાછો ન ફરે એવો છે. મહાવીર પરમાત્માનું આ કહેણ છે કે હે જીવ! તારા ચૈતન્યમાં વિકલ્પનો પ્રવેશ નથી. આવા ચૈતન્યસ્વભાવને નક્કી કરીને જ્ઞાનમાં લે, ત્યાં વિકલ્પ તૂટીને તને આનંદના નાથનો ભેટો થશે. આવો વીરનો માર્ગ છે :–

**હરિનો રે મારગ છે શૂરાનો, કાયરનું નહિં કામ જો..**
**પ્રથમ પહેલાં મસ્તક મુકી....વળતાં લેવું હરિનું નામ જો...ને.**

હરિનો મારગ એટલે વીરનો માર્ગ; જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને જેણે અજ્ઞાનને હર્યું છે તે હરિ છે. મહાવીર ભગવાને તો આવો માર્ગ બતાવ્યો છે. આ

તો વીતરાગી વીરનો માર્ગ છે, શૂરવીરનો માર્ગ છે. શુભ વિકલ્પ કરતાં-કરતાં માર્ગ પમાઈ જાય એવો આ માર્ગ નથી. વિકલ્પના કર્તૃત્વમાં જેઓ અટકયા છે તેઓ તો કાયર છે, એવા કાયર જીવો વીરના વીતરાગમાર્ગને પામી શકતા નથી.

આનંદને વેદનારો હું છું, વિકલ્પને વેદનારો હું નથી-એમ ધર્મીને આત્મસાક્ષાત્કાર થયો છે, પરમાત્માનો સાક્ષાત્કાર પોતામાં થઈ ગયો છે. પરમાત્મતત્ત્વના અનુભવમાં ચૈતન્યરસ રહ્યો ને વિકલ્પનો રસ નીકળી ગયો.-આનું નામ ભેદજ્ઞાન. ભેદજ્ઞાનપર્યાયસહિતનો એ ભગવાન પોતે પવિત્ર પુરાણપુરુષ છે. તેને પરમાત્માના કહેણ સ્વીકાર લીધા છે, પરમાત્માએ જે કહ્યું તે તેણે પોતામાં અનુભવી લીધું છે, ને હવે અલ્પકાળમાં તે મોક્ષલક્ષ્મીને વરશે. મોક્ષને લેતાં તેની પરિણતિ પાછી નહિ ફરે....વીરનાથના અપ્રતિહતમાર્ગે તે મોક્ષને વરશે.

* * *

ભગવાન મહાવીરાદિ સર્વજ્ઞભગવાને આખા જગતનું સ્વરૂપ સાક્ષાત્ જોયું, તેમાં બધા પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જોયા છે; વસ્તુ ધ્રુવપણે ટકીને પોતાની પર્યાયરૂપ થાય છે, તે પર્યાયનો કર્તા આત્મા પોતે છે. આવું વસ્તુસ્વરૂપ જાણ્યા વગર આત્માનો અનુભવ થાય નહીં. એકાંત ધ્રુવ કે એકાંત ક્ષણિકવસ્તુ માને તો તેને આત્માનો અનુભવ કરવાનો અવસર રહેતો નથી. તેમજ ઈશ્વર આ આત્માને કરે એમ માનનારને પણ 'પોતાનો આત્મા જ પરમાત્મા છે' એવી ઓળખાણનો અવકાશ રહેતો નથી. અહીં તો આત્માનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ જ્ઞાનમાં નક્કી કરીને તેનો જેણે અનુભવ કર્યો છે તે જીવ કેવો છે? તેનું આ વર્ણન છે. બહારનાં કામ તો દૂર રહો, અંદરના એક સૂક્ષ્મ વિકલ્પનું કામ પણ તેના જ્ઞાનમાં નથી; જ્ઞાન અંદરમાં વળીને વિજ્ઞાનરસરૂપ થઈ ગયું છે.

જ્ઞાની થયો તે જાણે છે કે પહેલાં અજ્ઞાનદશામાં હું મારા જ્ઞાન-આનંદના સ્વભાવથી ભ્રષ્ટ થઈને, વિકલ્પના વનમાં ભમતો હતો; હવે તે વિકલ્પોથી દૂર થઈને, ભેદજ્ઞાનરૂપી અંતર્મુખી માર્ગદ્વારા હું મારા ચૈતન્યરસના સમુદ્રમાં વળ્યો છું; મારી જ્ઞાનની ધારા જ્ઞાનરસરૂપે જ પરિણમે છે. મારા જ્ઞાનરસના મહાપ્રવાહમાં વિકલ્પોનો એક અંશ પણ નથી. આમ જ્ઞાન અને વિકલ્પ વચ્ચે કર્તા-કર્મપણું છૂટી ગયું છે. હવે જ્ઞાન પોતાના રસમાં જ મગ્ન રહેતું થકું વિકલ્પોના માર્ગથી તે દૂરથી જ પાછું વળી

ગયું છે. વિકલ્પના કાળે જ્ઞાન તો જ્ઞાનરસપણે જ રહે છે, તે વિકલ્પમાં જરાપણ ખેંચાતું નથી. અહો, જ્ઞાનના રસીલા જીવોએ ચૈતન્યનો આવો માર્ગ જોયો છે. વીરનાથે આવો માર્ગ બતાવ્યો છે. વીરનાથના માર્ગનાં આ મધુરાં વહેણ છે.

અરે જીવ! એકવાર સાંભળ તો ખરો આ વીરની વાણી! વીરનાથનો આ સન્દેશ છે કે તારો આત્મા જ એવો આનંદસ્વરૂપ છે કે જેને જાણતાં જ તેમાં તન્મય થઈને પરમસુખનો સ્વાદ આવે છે. પરની સન્મુખ થઈને પરને જાણતાં કાંઈ સુખનું વેદન થતું નથી. આત્મા જ પોતે એવો સારભૂત છે કે જેને જાણતાં સુખ થાય છે. આવા આત્માને લક્ષમાં લેતાં વિકલ્પોની જાળ તૂટી જાય છે. જ્ઞાનને જ્ઞાનરસમાં આવવું એ તો સહજ છે, વિકલ્પનો બોજો તેમાં નથી. આવા જ્ઞાનરસમાં આવતાં હે જીવ! તને આનંદ આવશે, શાંતિ આવશે. જેમ પાણીને ઢાળ મળતાં તે સહજપણે ઝડપથી તેમાં વળી જાય છે, તેમ આત્માની ચૈતન્યપરિણતિને ભેદજ્ઞાનરૂપી ઢાળ મળ્યો ત્યાં વિકલ્પના વનમાં અટકવાનું મટી ગયું ને સહજપણે અંતરમાં વળીને પોતાના આનંદ–સમુદ્રમાં તે મગ્ન થઈ. અહો, આ તો સમ્યગ્દ્રષ્ટિએ પોતામાં જોયેલો માર્ગ છે...તે અંતરના ગંભીર માર્ગમાં જવું તેને સુગમ થઈ ગયું છે.

વીરનો માર્ગ એ તો અંતરનો ગંભીર માર્ગ છે. પુણ્ય–પાપ તો ઉપર–ઉપરની છીછરી વૃત્તિઓ છે; તેનાથી પાર થઈને, એટલે કે વિવેક વડે વિકલ્પથી ભિન્ન આત્માને જાણીને, ગંભીર ચૈતન્યસ્વરૂપમાં ઊતરતાં પોતાના ચૈતન્યરસનો મહાસમુદ્ર પ્રાપ્ત થાય છે. અહો! ચૈતન્યરસના રસિકજનો! આવા તમારા શાંતરસના સમુદ્રને દેખો. એને દેખતાં વિકલ્પોનાં મોજાં ઠરી જશે. ચૈતન્યનો રસ લાગે તેને વિકલ્પનો રસ રહે નહિ, વિકલ્પ સાથે જ્ઞાનનાં મીંઢળ તે બાંધે નહિ. જેમ સતી પોતાના સ્વામી સિવાય બીજાનું મીંઢળ બાંધે નહીં, તેમ સાધકધર્માત્મા ચૈતન્યરસની પરમ પ્રીતિથી કહે છે કે–

**થયો રસિક હું મારા ચૈતન્યનાથનો રે...**
**રાગનો રસ હવે હું નહીં કરું રે...**
**લગની લાગી મારા ચૈતન્યદેવની,**
**હવે વિકલ્પનાં મીંઢળ નહીં બાંધું રે...**

અંતરના ચૈતન્યમાં વળેલું જ્ઞાન તો મહા ગંભીર છે; નયપક્ષના વિકલ્પોમાં એવી ગંભીરતા નથી કે અંતરના આત્માને દેખી શકે. ધર્મીની દ્રષ્ટિ અંતરના ચૈતન્યને

દેખનારી છે, તે પોતાના આનંદરસના એક અંશનેય વિકલ્પમાં જવા દેતી નથી. ચૈતન્યરસ પરમશાંત, તેને રાગના આકુળરસ સાથે મેળ ખાય નહિ. મારો ચૈતન્યરસ, તેમાં વિકલ્પોની ભઠ્ઠી નથી. હવે મારું જ્ઞાન વિકલ્પ તરફ ખેંચાતું નથી, જ્ઞાન તો જ્ઞાનસ્વરૂપમાં જ ખેંચાઈને, પોતે પોતામાં મગ્ન થાય છે. આવા જ્ઞાનના અનુભવમાં વિકલ્પનો આધાર નથી. જ્ઞાન પોતે જ પોતાના આધારે જ્ઞાનરૂપે પરિણમતું થકું, પોતાને વિકલ્પથી ભિન્ન જ્ઞાનરૂપે અનુભવે છે. જેણે આવો અનુભવ કર્યો તે જીવ મહાવીરના માર્ગમાં આવ્યો.

ધર્મીને જ્ઞાનરસના પ્રવાહમાં વચ્ચે વિકલ્પ આવતો નથી. વિકલ્પ તો જ્ઞાનપ્રવાહથી જુદો ને જુદો બહાર કાંઠે રહે છે, જ્ઞાનમાં તે પ્રવેશતો નથી. વિકલ્પના કોઈ અંશનું કર્તૃત્વ–કે વેદવાપણું જ્ઞાનીના જ્ઞાનમાં રહ્યું નથી. જ્ઞાનીનું જ્ઞાન તો વિકલ્પથી પાર શાંતરસરૂપ થયું છે. આવું જ્ઞાન તે ભગવાને કહેલા બારે અંગનો સાર છે. અહા, ચૈતન્યના આનંદના રસ અમે ચાખ્યા, જગતના વિષયરસમાં હવે અમારી પરિણતિ જાય નહિ. ચૈતન્યના આનંદરસ પાસે જગતના બધાય રસ તૂચ્છ છે. દુનિયા તો ગાંડી છે, દુનિયા શું બોલશે? નિંદા કરશે કે પ્રશંસા કરશે? તે જોવા જ્ઞાની રોકાતા નથી. દુનિયા પાસેથી સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) લેવું નથી. અમારા અનુભવ–જ્ઞાનવડે અમારા આત્માનું પ્રમાણપત્ર મળી ગયું છે; પોતાના આત્મામાંથી શાંતિનું વેદન આવી ગયું છે ત્યાં બીજાને પૂછવાપણું રહેતું નથી. અમે હવે ભગવાનના માર્ગમાં ભળ્યા છીએ...વીરભગવાને કહેલો માર્ગ આત્મામાં દેખી લીધો છે...ને તે માર્ગે અલ્પકાળમાં પૂર્ણ આત્માને સાધીને અમે પણ પરમાત્મા થઈશું.

(આ રીતે ધર્મીએ સ્વાનુભવથી વીરના કહેણનો સ્વીકાર કર્યો છે.)

**જે એકલા દોષને દેખે છે ને ગુણને નથી દેખતો,**
**તે દોષને છેદી શકતો નથી, ગુણને પામી શકતો નથી.**

**જે એકલા ગુણની વાત કરે છે ને દોષને નથી દેખતો,**
**તે પણ દોષને છેદી શકતો નથી, ગુણને પામી શકતો નથી.**

**ગુણ અને દોષ બંનેને યથાર્થરૂપે જે જાણે છે તે જ**
**ગુણના આશ્રયે દોષને છેદીને ગુણ પ્રગટ કરે છે.**

# એક અનોખો મહોત્સવ

## મૃત્યુ એટલે આરાધનાનો મહોત્સવ

[ સમાધિમરણ માટે આરાધકની શૂરવીરતા ]

મૃત્યુ અને વળી મહોત્સવ !-એ બંનેનો મેળ કઇ રીતે ? એમ કદાચ આશ્ચર્ય થશે. લોકો તો મૃત્યુ વખતે શોક કરે, મૃત્યુના તે કાંઈ મહોત્સવ હોય ?-હા, આરાધનાના બળે મૃત્યુનો પ્રસંગ પણ મહોત્સવરૂપ બની જાય છે. આરાધનાના મહોત્સવસહિત જેણે મૃત્યુ કર્યું (સમાધિમરણ કર્યું) તે જીવ પ્રશંસનીય છે. શરીર-બુદ્ધિવાળું જગત મૃત્યુથી ડરે છે, પરંતુ ચૈતન્યના સાધકજીવને મૃત્યુ એ કોઈ દુઃખપ્રસંગ નથી, એને તો એ આરાધનાનો મહોત્સવ છે. એવા મહોત્સવનું સુંદર વર્ણન આપ અહીં વાંચશો.

એક સાધકજીવ ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ પોતાની આરાધનાને કેવી ટકાવી રાખે છે તેનું સુંદર પ્રોત્સાહક વર્ણન ભગવતીઆરાધનામાં કર્યું છે. તે ભગવતી આરાધના વગેરેના આધારે પં. શ્રી સુરચંદજીએ ‘મૃત્યુમહોત્સવ’ ની રચના કરી છે, તે અહીં ગુજરાતી-અર્થસહિત આપી છે. તે મુમુક્ષુને શૂરવીરતા જગાડીને આરાધનાનું પ્રોત્સાહન આપે છે.

(૧) વંદૂ શ્રીઅરહંત પરમગુરુ, જો સબકો સુખદાઈ,
ઈસ જગમેં દુખ જો મૈં ભુગતે, સો તુમ જાનો રાઈ;
અબ મૈં અરજ કરૂં પ્રભુ તુમસે કર સમાધિ ઉરમાંહી,
અન્તસમય મેં યહ વર માંગૂં, સો દીજૈ જગ-રાઈ.

સર્વે જીવોને સુખદાયક એવા શ્રી અરિહંતદેવને નમસ્કાર કરું છું. આ સંસારમાં મેં જે દુઃખ ભોગવ્યાં તે હે જિનદેવ! આપ જાણો છો; હવે હું આપની સમક્ષ પ્રાર્થના કરું છું કે અંતસમયે પણ મારા અંતરમાં સમાધિ રહે, એવું વરદાન આપો.

(૨) ભવ-ભવમેં તન ધાર નયે મૈં ભવ-ભવ શુભ સંગ પાયો,
ભવ-ભવમેં નૃપસિદ્ધિ લઈ મૈં, માત પિતા સુત થાયો.
ભવ-ભવમેં તન પુરુષ-તનો ધર, નારી હૂ તન લીનો,
ભવ-ભવમેં મૈં ભયો નપુંસક, આતમગુન નહિં ચીનો.

સંસારમાં ભમતાં ભવે-ભવે મેં નવાં-નવાં શરીર ધારણ કર્યાં, શુભ-સંગતિ પણ પામ્યો, રાજ્યઋદ્ધિ પણ મળી, માતા-પિતા-પુત્ર થયો, અનેકવાર પુરુષદેહ ધારણ કર્યાં, સ્ત્રી પણ અનેકવાર થયો, નપુંસક પણ થયો; બધું મળ્યું પણ મારા આત્મગુણને મેં ન ઓળખ્યા.

(૩) ભવ-ભવમેં સુર-પદવી પાઈ, તાકે સુખ અતિ ભોગે,
ભવ-ભવમેં ગતિ નરકતની ધર, દુખ પાયે વિધિયોગે.
ભવ-ભવમેં તિરયંચ યોનિ ધર, પાયો દુખ અતિભારી,
ભવ-ભવમેં સાધર્મી જનકો, સંગ મિલ્યો હિતકારી.

અનેક ભવમાં સુરપદવી પામ્યો અને દેવલોકનાં ઘણાં સુખ ભોગવ્યાં, અનેકવાર નરકમાં જઈને પાપવશ મહાદુઃખ પામ્યો, અનેકવાર તિર્યંચગતિ ધારણ કરીને અતિભારે દુઃખ પામ્યો; અરે! સાધર્મીજનોનો હિતકારી સંગ પણ મને અનેકવાર મળ્યો...

(૪) ભવ-ભવમેં જિન-પૂજન કીની, દાન સુપાત્રહિ દીનો,
ભવ-ભવમેં મૈં સમવસરનમેં, દેખ્યો જિન ગુનભીનો.
એતી વસ્તુ મિલી ભવ-ભવમેં, 'સમ્યક્' ગુન નહિં પાયો,
ના સમાધિ-યુત મરન કિયો મૈં, તાતૈં જગ ભરમાયો.

વળી ભવભવમાં મેં જિનપૂજા કરી, સુપાત્રદાન પણ દીધાં, અને સમવસરણમાં ગુણભીના જિનનાથને અનેકવાર દેખ્યા; આટલી વસ્તુ તો મને ભવોભવમાં મળી, પણ સમ્યક્ત્વગુણ હું કદી ન પામ્યો, અને સમાધિસહિત મરણ મેં ન કર્યું, તેથી હું સંસારમાં ભમ્યો.

(૫) કાલ અનાદિ ભયો જગ ભ્રમતે, સદા કુ-મરન હિ કીનો,
એક બારહૂ 'સમ્યક્' યુત મૈં, નિજ-આતમ નહિં ચીનો.
જો નિજ-પરકો જ્ઞાન હોય તો, મરન સમય દુઃખ કાંઈ,
દેહ વિનાશી, મૈં નિજ-ભાસી, જ્યોતિ-સરૂપ સદાઈ.

અનાદિકાળથી સંસારમાં ભમતાં મેં સદાય કુમરણ જ કર્યાં, એકવાર પણ સમ્યક્ત્વ પ્રગટ કરીને મારા આત્માને મેં ન જાણ્યો, જો સ્વ-પરનું ભેદજ્ઞાન હોય તો મરણસમયે દુઃખ કેવું? -કેમકે, દેહ તો વિનાશી છે ને હું ચૈતન્ય-પ્રકાશક જ્યોતિ-સ્વરૂપ અવિનાશી છું.

(૬) વિષય-કષાનકે વશ હ્વૈ કૈં, દેહ આપનો જાન્યો,
કર મિથ્યા સરધાન હિયે બિચ, આતમ નાહિં પિછાન્યો.
યોં ક્લેશ હિય ધાર મરન કરિ, ચારોં ગતિ ભરમાયો,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન યે, હિરદેમેં નહિં લાયો.

અરેરે, વિષય-કષાયોને વશ થઈને મેં દેહને પોતાનો માન્યો; મિથ્યા શ્રદ્ધા કરીને અંતરના આત્માને મેં ન ઓળખ્યો. એ પ્રમાણે અંતરમાં ક્લેશસહિત મરીને હું ચારેગતિમાં ભટકયો, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મેં હૃદયમાં ધારણ ન કર્યાં.

(૭) અબ યહ અરજ કરૂં પ્રભુ સુનિયે, મરન સમય યહ માંગૌં,
રોગજનિત પીડા મત હોવો, અરુ કષાય મત જાગૌ.
યે મુઝ મરન સમય દુખદાતા, ઈન હર, સાતા કીજૈ,
જો સમાધિયુત મરન હોય મુઝ, અરુ મિથ્યા ગદ છીજૈ.

હે પ્રભો! મારી અરજ સાંભળો! મરણ સમયે રોગજનિત પીડા તરફ લક્ષ ન જાય અને દુઃખદાયક કષાયો ન જાગે; દુઃખદાયક કષાયો દૂર થાય ને ચિત્ત શાંત થાય, જેથી મને સમાધિસહિત મરણ થાય ને મિથ્યાત્વાદિનો છેદ થાય.—આવી આરાધના હે નાથ! મને પ્રાપ્ત હો.

(૮) યહ તન સાત કુધાત-મયી હૈ, દેખત હી ઘિન આવૈ;
ચર્મ-લપેટી ઉપર સોહે, ભીતર વિષ્ટા પાવૈ.
અતિ દુર્ગન્ધ અપાવન સા યહ મૂરખ પ્રીતિ બઢાવૈ,
દેહ વિનાસી, જિય અવિનાસી, નિત્ય-સરૂપ કહાવૈ.

આ શરીર તો, જેને દેખતાં જ ઘૃણા આવે એવી સાત કુધાતુથી ભરેલું છે;

ઉપર ચામડી લપેટી છે પણ અંદર તો વિષ્ટા ભરી છે. આવા અત્યંત દુર્ગંધી અપવિત્ર શરીરમાં મૂરખ જીવ પ્રીતિ વધારે છે. પણ દેહ તો વિનાશિક છે; જીવ અવિનાશી નિત્યસ્વરૂપ છે.

(૯) યહ તન જીર્ણ કુટી સમ આતમ, યાતૈં પ્રીતિ ન કીજૈ,
નૂતન મહલ મિલૈ જબ ભાઈ, તબ યામેં કયા છીજે?
મૃત્યુ હોનસે હાનિ કૌન હૈ, યાકો ભય મત લાવો,
સમતાસે જો દેહ તજોગે, તો શુભ તન તુમ પાવો.

અરે આત્મા! જીર્ણ ઝૂંપડી જેવા આ શરીરમાં પ્રીતિ ન કર. આ દેહ–ઝૂંપડી છોડીને સ્વર્ગમાં જતાં તને નવો મહેલ મળશે, –તો મરણથી તારે શું ગુમાવવાનું છે? મૃત્યુ થતાં તને કાંઈ હાનિ નથી માટે મરણનો ભય ન કર. જો સમતાથી શરીર છોડીશ તો તું દેવલોકના ઉત્તમ શરીરને પામીશ.

(૧૦) મૃત્યુ–મિત્ર ઉપકારી તેરો, ઇસ અવસરકે માહીં.
જીરન તનસે દેત નયો યહ, યા સમ સાહૂ નાહીં.
યા સેતી ઇસ મૃત્યુસમય પર, ઉત્સવ હી અતિ કીજૈ,
ક્લેશ–ભાવકો ત્યાગ સયાને, સમતા–ભાવ ધરીજૈ.

અરે, મૃત્યુ તો મિત્રસમાન તારું ઉપકારી છે, –કેમકે મરણના અવસરે તે જીર્ણ શરીરને બદલે નવું શરીર આપે છે. –એના જેવું ભલું બીજું શું? માટે હે ભવ્ય! આવા મરણસમયે તો તું મહાન ઉત્સવ કરજે; હે સૂજ્ઞ! ક્લેશભાવને છોડીને સમતા–ભાવને ધારણ કરજે.

(૧૧) જો તુમ પૂરવ પુણ્ય કિયે હૈં તિનકો ફલ સુખદાઈ,
મૃત્યુ–મિત્ર બિન કૌન દિખાવૈ, સ્વર્ગ–સમ્પદા ભાઈ.
રાગ–રોષકો છોડ સયાને, સાત વ્યસન દુખદાઈ,
અન્તસમયમેં સમતા ધારો, પર–ભવ–પંથ સહાઈ.

હે ભાઈ! પૂર્વે તમે જે પુણ્ય કર્યાં છે તેના સુખદાય ફળરૂપ સ્વર્ગસંપદા, મૃત્યુરૂપી મિત્ર વગર બીજું કોણ પમાડશે? માટે હે ભવ્ય! મરણસમયમાં રાગ–દ્વેષ તથા દુઃખદાયક સાત વ્યસનોને છોડીને સમતા ધારણ કરો–કે જે પરભવમાં પણ સહાય કરશે.

(૧૨) કર્મ મહાદુઠ વૈરી મેરો, તા સેતી દુખ પાવૈ,
તન–પિંજરમેં બન્ધ કિયો મોહિ યાસોં કૌન છુડાવૈ.

ભૂખ–તૃષા દુઃખ આદિ અનેકન, ઇસ હી તનમેં ગાઢૈ,
મૃત્યુ–રાજ અબ આય દયાકર, તન પિંજરસોં કાઢૈ.

મહા દુઃખદાયક કર્મ મારું વેરી છે, તેના સંગથી જીવ દુઃખ પામે છે, ને તેણે મને આ દેહપીંજરામાં પૂર્યો છે; તેમાંથી મને કોણ છોડાવે? આ દેહમાં તો ભૂખ–તરસ વગેરે કેટલાંય દુઃખ ભર્યાં છે; હવે મૃત્યુરાજ દયા કરીને આ દેહપીંજરાથી મને છોડાવવા આવ્યા છે.

(૧૩) નાના વસ્ત્રાભૂષણ મૈંને, ઇસ તનકો પહરાયે,
ગન્ધ સુગન્ધિત અતર લગાયે, ષટ્રસ અશન કરાયે.
રાત દિના મૈં દાસ હોયકર, સેવ કરી તન કેરી,
સો તન મેરે કામ ન આયો, ભૂલ રહ્યો નિધિ મેરી.

મેં આ શરીરને અનેક વસ્ત્રાભૂષણ પહેરાવ્યાં, સુગંધિત અત્તર લગાવ્યાં, ષટરસ ભોજન કરાવ્યાં; રાત–દિવસ દાસ થઈને શરીરની સેવા કરી, તોપણ અરેરે! એ શરીર મને મારા આત્મહિત માટે કામ ન આવ્યું, ને હું મારા નિધિને ભૂલી રહ્યો.

(૧૪) મૃત્યુ–રાયકો સરન પાય, તન નૂતન એસો પાઊં,
જામે સમ્યકરતન તીન લહિ, આઠોં કર્મ ખપાઉં.
દેખો તન સમ ઔર કૃતઘ્ની, નાહિ સુન્યો જગમાહીં,
મૃત્યુસમયમેં યે હી પરિજન, સબહી હૈં દુખદાઈ.

દેખો, શરીર સમાન કૃતઘ્ની જગતમાં બીજું કોઈ સાંભળ્યું નથી; મૃત્યુ સમયે આ પરિજન વગેરે બધાનો મોહ તો દુઃખ દેનાર છે. હવે મૃત્યુરાજનું શરણ પામીને હું નવીન શરીર એવું પામીશ કે જેમાં સમ્યક્ રત્નત્રય પ્રગટ કરીને, આઠે કર્મને ખપાવીશ.

(૧૫) યહ સબ મોહ બઢાવનહારે, જિયકો દૂરગતિ દાતા,
ઇનસે મોહ નિવારો જિયરા, જો ચાહો સુખ–સાતા.
મૃત્યુ–કલ્પદ્રુમ પાય સયાને, માંગો ઇચ્છા જેતી,
સમતા ધરકર મૃત્યુ કરો તો, પાવો સમ્પતિ તેતી.

આ બધાં શરીર–પરિજન વગેરે તો મોહ વધારનારા ને દુર્ગતિ દેનારા છે, માટે હે જીવડા! જો તું સુખ–શાંતિ ચાહતો હો તો તેનો મોહ છોડ. આ મૃત્યુરૂપી કલ્પવૃક્ષને પામીને હે સુજ્ઞ! તારી જેટલી ઇચ્છા હોય તેટલું માગ;–જો તું સમતાપૂર્વક મરણ કરીશ તો તારી ઇચ્છિત સંપદા તને મળશે.

(૧૬) ચૌ આરાધન સહિત પ્રાન અજ, તૌ યે પદવી પાવો,
હરિ પ્રતિહરિ ચક્રી તીર્થેશ્વર, સ્વર્ગ–મુક્તિમેં જાવો.
મૃત્યુ–કલ્પદ્રુમ સમ નહિં દાતા, તીનોં લોક મંઝારે,
તાકો પાય કલેસ કરો મત, જન્મ–જવાહર હારે.

જો સમ્યક્ત્વાદિ ચાર આરાધના સહિત પ્રાણ છોડશો તો બળદેવ–ચક્રવર્તી–ઇન્દ્ર–તીર્થંકર વગેરે પદવી પામશો ને સ્વર્ગ–મુક્તિમાં જશો. આ રીતે મૃત્યુરૂપી કલ્પવૃક્ષ સમાન બીજો કોઈ ત્રણ લોકમાં દાતા નથી; માટે તેને પામીને ક્લેશ ન કરો. ક્લેશથી તો આ જન્મરૂપી ઝવેરાત હારી જવાય છે.

(૧૭) ઇસ તનમેં કયા રાચૈ જિયરા, દિન–દિન જીરન હોહૈ,
તેજ કાન્તિ–બલ નિત્ય ઘટત હૈ, યા સમ અથિર સુ કો હૈ.
પાંચોં ઇન્દ્રી શિથિલ ભઈ અબ, સાંસ શુદ્ધ નહિં આવે,
તાપર ભી મમતા નહિ છોડે, સમતા ઉર નહિં લાવૈ.

અરે જીવ! આ શરીરમાં તું કેમ રાચી રહ્યો છે?–એ તો રોજેરોજ જીર્ણ થતું જાય છે, તેની કાંતિ અને બળ પણ સદા ઘટી રહ્યાં છે, એના જેવું અસ્થિર બીજું કોઈ નથી. હવે તો પાંચે ઇન્દ્રિયો શિથિલ થઈ ગઈને શ્વાસ પણ સરખો લેવાતો નથી; અરે! તોપણ તું તેની મમતા કેમ છોડતો નથી? અને અંતરમાં સમતાને કેમ ધારતો નથી?

(૧૮) મૃત્યુરાજ ઉપકારી જિયકો, તનસોં તોહિ છુડાવૈ,
નાતર યા તન બન્દીગૃહમૈં, પડૌ–પડૌ બિલલાવૈ.
પુદ્‌ગલકે પરમાનૂ મિલકેં, પિણ્ડરૂપ તન ભાસી,
યે તો મૂરત મૈં હું અમૂરત, જ્ઞાન–જોતિ ગુન ખાસી.

અહા, મૃત્યુરાજ તો જીવના ઉપકારી છે કે એને શરીરથી છોડાવે છે. એના વગર તો આ શરીરરૂપી બંદીખાનામાં પડયો–પડયો જીવ વલખાં મારે છે. પુદ્‌ગલ–પરમાણુઓ ભેગા થઈને આ શરીરરૂપ પિંડલો બન્યો છે તે તો મૂર્ત છે, ને હું તો જ્ઞાનજ્યોતિરૂપ ખાસ ગુણવાળો અમૂર્ત આત્મા છું.

(૧૯) રોગ–શોક આદિક જો વેદન, તે સબ પુદ્‌ગલ લારે,
મૈં તો ચેતન વ્યાધિ વિના નિત, હૈં સો ભાવ હમારે.

યા તનસોં ઇસ ક્ષેત્ર–સંબંધી, કારન આન બન્યો હૈ,
ખાન–પાન દે યાકો પોસ્યો, અબ સમભાવ ઠન્યો હૈ.

રોગ–શોક વગેરેનું જે વેદન છે તે બધું પુદ્ગલના સંબંધથી છે; હું ચેતન છું, મારો સ્વભાવ તો સદાય વ્યાધિ વગરનો છે. આ ભવ પૂરતો આ શરીર સાથે સંબંધ થયો છે, તેને ખવડાવી–પિવડાવીને અત્યાર સુધી પોષ્યું; હવે સમાધિમરણ માટે મને સમભાવ જાગ્યો છે.

(૨૦) મિથ્યાદર્શન, આત્મ–જ્ઞાન બિન, યહ તન અપનો જાન્યો,
ઇન્દ્રી–ભોગ ગિને સુખ મૈંને, આપો નાહિં પિછાન્યો.
તન બિનસનતેં નાશ જાનિ નિજ, યહ અયાન દુખદાઈ,
કુટુમ્બ આદિકો અપનો જાન્યો, ભૂલ અનાદી છાઈ.

આત્માના જ્ઞાન વગર મિથ્યાદર્શનથી મેં આ શરીરને મારું જાણ્યું, ઇન્દ્રિયભોગોમાં મેં સુખ માન્યું પણ આત્માનું સ્વરૂપ ન જાણ્યું. શરીરનો નાશ થતાં મારો જ નાશ સમજીને અજ્ઞાનથી હું દુઃખી થયો; કુટુંબ વગેરેને મેં મારાં માન્યાં;–આમ અનાદિથી મેં ભૂલ કરી.

(૨૧) અબ નિજ ભેદ જથારથ સમઝો, મૈં હૂં જોતિ–સરૂપી,
ઊપજૈ–બિનસૈ સો યહ પુદ્ગલ, જાન્યો યાકો રૂપી.
ઇષ્ટઽનિષ્ટ જેતે સુખ–દુખ હૈં, સો સબ પુદ્ગલ સાગૈં,
મૈં જબ અપનો રૂપ વિચારું, તબ યે સબ દુખ ભાગૈં.

હવે હું મારું સાચું સ્વરૂપ સમજ્યો; હું જ્ઞાનસ્વરૂપી છું, અને સંયોગ–વિયોગ થાય છે તે પુદ્ગલ છે, તેને હું રૂપી જાણું છું. જે કાંઈ ઇષ્ટ–અનિષ્ટ સુખ–દુઃખ છે તે બધું પુદ્ગલના સંબંધથી છે; પણ જ્યાં હું મારું સ્વરૂપ વિચારું છું ત્યાં તે બધાં દુઃખ ભાગી જાય છે.

(૨૨) બિન સમતા તનઽનન્ત ધરે મૈં, તિનમેં યે દુખ પાયો,
શસ્ત્રઘાતતેંઽનન્ત બાર મર, નાના યોનિ ભ્રમાયો.
બાર અનંત હિ અગ્નિ માહિં જર, મૂવો સુમતિ ન લાયો,
સિંહ વ્યાઘ્ર અહિઽનન્ત બાર મુઝ, નાના દુઃખ દિખાયો.

સમતા વગર મેં અનંત શરીર ધારણ કર્યાં ને તેમાં અનેક દુઃખ પામ્યો;–

અનંતવાર શસ્ત્રપ્રહારથી મર્યો ને દુર્ગતિમાં ભમ્યો; અગ્નિમાં અનંતવાર બળી મર્યો પણ હું સાચી મતિ ન પામ્યો; સિંહ–વાઘ અને સર્પોએ અનંતવાર અનેક દુઃખ દીધાં.

(૨૩) બિન સમાધિ યે દુઃખ લહે મૈં, અબ ઉર સમતા આઈ,
મૃત્યુરાજકૌં ભય નહિં માનો દેવૈ તન સુખદાઈ,
યાતૈં જબ લગ મૃત્યુ આવે, તબ લગ જપ તપ કીજૈ,
જપ–તપ બિન ઇસ જગકે માહીં, કોઈ ભી નહિં સીજૈ.

એ બધાં દુઃખ હું સમાધિ વગર પામ્યો; હવે મારા અંતરમાં સમતા પ્રગટી છે, હવે મને મૃત્યુરાજનો ભય નથી, એ તો નવું સુખદાયક શરીર (સ્વર્ગ) આપનાર છે. માટે મૃત્યુપર્યંત જપ–તપ કરવા યોગ્ય છે; જપ–તપ વગર આ જગતમાં કોઈ કલ્યાણ પામતું નથી.

(૨૪) સ્વર્ગ–સમ્પદા તપસોં પાવૈ, તપસોં કર્મ નસાવૈ,
તપ હી સોં શિવ–કામિનિપતિ હ્વૈ, યાસોં તપ ચિત્ત લાવૈ.
અબ મેં જાની સમતા બિન મુઝ, કોઊ નાહિં સહાઈ,
માત–પિતા સુત–બાંધવ તિરિયા, યે સબ હૈં દુખદાઈ.

સ્વર્ગસંપદા તપ વડે પમાય છે અને તપ વડે જ કર્મનો નાશ થાય છે; તપથી જ મોક્ષસુખ પમાય છે, માટે તપમાં ચિત્તને જોડવું. હવે મેં જાણી લીધું છે કે, સમતા વગર બીજું કોઈ મને સહાયક નથી; માતા–પિતા–પુત્ર–બંધુજનો–સ્ત્રી તે બધાંનો મોહ દુઃખદાયી છે.

(૨૫) મૃત્યુ સમયમેં મોહ કરે યે, તાતેં આરત હો હૈ,
આરતતેં ગતિ નીચી પાવૈ, યોં લખ મોહ તજ્યો હૈ.
ઔર પરિગ્રહ જેતે જગમેં, તિનસોં પ્રીત ન કીજૈ,
પરભવમેં યે સંગ ન ચાલૈ, નાહક આરત કીજૈ.

મૃત્યુસમયે તેનો મોહ કરતાં આર્ત્તધ્યાન થાય છે, અને આર્ત્તધ્યાનથી જીવ નીચી ગતિ પામે છે, –એમ સમજીને મેં બધાનો મોહ છોડયો છે. જગતમાં બીજો પણ જે પરિગ્રહ છે તેનો મોહ ન કરવો, કેમકે તે કાંઈ પરભાવમાં જીવની સાથે આવતા નથી, તો નાહક આર્ત્તધ્યાન શું કરવું?

(૨૬) જે જે વસ્તુ લખત હૈ તે પર, તિનસોં નેહ નિવારો,
પર ગતિ મેં યે સાથ ન ચાલૈં, એસો ભાવ વિચારો.
જો પરભવમેં સંગ ચલૈ તુઝ, તિનસોં પ્રીત સુ કીજૈ,
પંચ પાપ તજ, સમતા ધારો, દાન ચાર વિધ કીજૈ.

બહારમાં જે-જે વસ્તુઓ દેખાય છે તે બધી પર છે, પરભવમાં તે સાથે આવતી નથી, -એમ વિચારીને તેનો સ્નેહ છોડો. પ્રીત તો તેની કરીએ કે પરભવમાં જે પોતાની સાથે આવે. માટે પાંચ પાપ છોડો, સમતા ધારો ને ચાર પ્રકારનાં દાન કરો.

(૨૭) દશલક્ષણ-મય ધર્મ ધરો હિય, અનુકમ્પા ઉર લાવો,
ષોડશકારણ નિત્ય વિચારો, દ્વાદશ ભાવન ભાવો.
ચારોં પરવી પ્રોષધ કીજૈ, અશન રાતકો ત્યાગો,
સમતા ધર દૂરભાવ નિવારો, સંયમસોં અનુરાગો.

અંતરમાં અનુકંપા સહિત દશધર્મને ધારણ કરો; સદાય સોળ કારણનું ચિંતન કરો ને બાર વૈરાગ્યભાવના ભાવો; રાત્રિભોજન છોડો, ને ચાર પર્વતિથિમાં પ્રૌષધ કરો; સમતા ધારણ કરીને દુર્ભાવને છોડો, ને સંયમની ભાવના ભાવો.

(૨૮) અન્ત સમય મેં યહ શુભ ભાવ હિ, હોવે આન સહાઈ,
સ્વર્ગ-મોક્ષ-ફલ તોહિ દિખાવેં, ઋદ્ધિ દેહિં અધિકાઈ.
ખોટે ભાવ સકલ જિય ત્યાગો, ઉરમેં સમતા લાકે,
જા સેતી ગતિ ચાર દૂર કર, બસહુ મોક્ષપુર જાકે.

આવી ઉત્તમ ભાવના જ અંતરસમયમાં તને સહાયક થશે; એ જ તને સ્વર્ગમોક્ષની પ્રાપ્તિ કરાવશે અને મહાન ઋદ્ધિ આપશે. માટે હે જીવ! તું અંતરમાં સમતા લાવીને સમસ્ત ખોટા ભાવોને છોડ; ને તે સમતા વડે ચારે ગતિને દૂર કરીને મોક્ષપુર જઈને વસ.

(૨૯) મન થિરતા કરકે તુમ ચિન્તો, ચૌ-આરાધન ભાઈ,
યે હી તોકોં સુખકી દાતા, ઔર હિતૂ કોઉ નહીં.
આગેં બહુ મુનિરાજ ભયે હૈં, તિન ગહિ થિરતા ભારી,
બહુ ઉપસર્ગ સહે શુભ ભાવન, આરાધન ઉર ધારી.

હે ભાઈ! મનને સ્થિર કરીને તમે ચાર આરાધનાનું ચિંતન કરો; તે જ

તમને સુખની દાતા છે, બીજું કોઈ હિતકર નથી. પૂર્વે ઘણા મુનિરાજ થઈ ગયા છે કે જેમણે મહાન સ્થિરતા ધારણ કરી, અને ઘણા ઉપસર્ગ આવવા છતાં ઉત્તમ ભાવનાપૂર્વક સહન કરીને, અખંડ આરાધના અંતરમાં ધારણ કરી.

(૩૦) તિનમેં કછુઈક નામ કહૂં મૈં, સો સુન જિય ચિત લાકે,
ભાવસહિત અનુમોદૈ જો જન, દુર્ગતિ હોય ન તાકે.
અરુ સમતા નિજ ઉર મેં આવે, ભાવ અધીરજ જાવે,
યોં નિશ દિન જો ઉન મુનિવરકો, ધ્યાન હિયે બિચ લાવે.

તે આરાધક મુનિઓમાંથી કેટલાંકનાં નામ અહીં કહું છું; તે સાંભળી, મુનિઓને ચિત્તમાં લાવી જે જીવ ભાવસહિત અનુમોદે છે તેને કદી દુર્ગતિ થતી નથી. નિશદિન તે મુનિવરોને પોતાના હૃદયમાં જે ધ્યાવે છે તેને અંતરમાં સમતા પ્રગટે છે ને આકુળ ભાવ ટળી જાય છે.

(૩૧) ધન્ય-ધન્ય સુકુમાલ મહામુનિ, કૈસી ધીરજ ધારી,
એક સ્યાલિની જુગ બચ્ચા-જુત, પાંવ ભખ્યો દુખકારી
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી,
તૌ તુમરે જિય કૌન દુઃખ હૈ, મૃત્યુ-મહોત્સવ ભારી.

અહા, ધન્ય છે તે સુકુમાર મહામુનિ;-તેમણે કેવી અદ્‌ભુત ધીરજ રાખી! બે બચ્ચાં સહિત એક શિયાળીએ તેમનો પગ ખાધો. આવા દુઃખકર મહા ઉપસર્ગને પણ સ્થિરતાપૂર્વક સહન કરીને તેમણે અખંડ આરાધનાને ચિત્તમાં ધારણ કરી.-તો અરે જીવ! તને તો શું દુઃખ છે? તું મૃત્યુને મોટો મહોત્સવ સમજીને તારું ચિત્ત આરાધનામાં જોડ.

[ બાકીનો ભાગ આવતા અંકમાં વાંચશોજી. ]

## * એક સમયમાં ત્રણ *

વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા ત્રણે એક સમયમાં છે.
એક સમયમાં જે ત્રણને જાણે તે ત્રણકાળને જાણે.

# વર્દ્ધમાનપુરીમાં ગુરુદેવે સંભળાવેલ વીરનાથનો સન્દેશ

અઢી હજાર વર્ષ પહેલાં વીર-વર્દ્ધમાન ભગવાન જ્યાં સાક્ષાત્ વિચરેલા એવી પાવનભૂમિમાં વીરનાથનું મંગલ કહેણ સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે આ આત્મા પોતાના જ્ઞાન-આનંદસ્વભાવ સાથે એકત્વરૂપ છે અને રાગાદિ વિભાવોથી વિભક્ત છે; આવો એકત્વવિભક્ત આત્મા મંગળરૂપ છે અને તેની વાત સાંભળવી તે પણ એક મંગળ છે. એકત્વ આનંદસ્વરૂપ જ્ઞાયક આત્મા છે તે સુંદર છે, તે મંગળ છે; તેની શ્રદ્ધા કરવી તે મંગળ છે; અને પ્રેમપૂર્વક તેનું શ્રવણ કરવું તે પણ મંગળ છે.

સ્વાગત પ્રવચનમાં વઢવાણના શ્રી ગીરધરભાઈ શાહે કહ્યું કે અમારી આ વર્દ્ધમાનપુરીમાં મહાભાગ્યે અમને આ વાત સાંભળવા મળી છે. આ સાંભળતાં હૃદયમાં જે ભાવો જાગે છે તે હું વચન દ્વારા કહી શકતો નથી. હજી તો ઈન્દ્રિયજ્ઞાન વડે લક્ષમાં લેતાં પણ જે શાંતિ મળે છે, સંસારમાં જય-પરાજય કે માન-અપમાન જેવા પ્રસંગો વચ્ચે પણ જે શાંતિ રહી શકે છે, તે પણ હું કહી શકતો નથી, તો અતીન્દ્રિય જ્ઞાનવડે લક્ષમાં લઈને અનુભવ કરતાં જે શાંતિ થાય તેની તો શી વાત !

ગીરધરભાઈએ ખરું જ કહ્યું, અને ખરેખરી આત્મશાંતિ જોઈતી હોય તે મુમુક્ષુએ અતીન્દ્રિયજ્ઞાનવડે પોતાની અંતરની વસ્તુમાં પહોંચવાનું છે. જે જીવ સ્વવસ્તુમાં પહોંચ્યો તે જગતવિજેતા થયો, જગતમાં શ્રેષ્ઠ એવું સાચું નિજપદ તેણે પ્રાપ્ત કરી લીધું. આવા નિજપદનું સ્વરૂપ ગુરુદેવે ૧૧મી ગાથા દ્વારા અહીં દેખાડયું છે. વર્દ્ધમાનપુરી જે કે વીરનાથની વિહારભૂમિ છે, તે પૂ. શ્રી ચંપાબેનની જન્મભૂમિ પણ છે. એવા આ પાવનધામમાં વીરનાથનો સંદેશ ઝીલતાં મુમુક્ષુઓને આનંદ થતો હતો. ચૈત્રવદ આઠમે અહીંના જિનમંદિરને ૧૯ મું વર્ષ બેઠું. એ વર્દ્ધમાનપુરીનો સંદેશ વાંચીને આપને પણ આનંદ થશે.

સમ્યગ્દર્શન શું ચીજ છે તેનું વર્ણન આ ૧૧ મી ગાથામાં છે. અનંતકાળના સંસારપ્રવાહમાં જીવને મનુષ્યપણું પણ અનંતવાર મળ્યું છે; પણ દેહથી ભિન્ન, રાગથી પાર પોતાનું જે સત્ય જ્ઞાનસ્વરૂપ છે તેની ઓળખાણ જીવે કદી કરી નહિ તેથી તેનું સંસારભ્રમણ ન મટયું. અજ્ઞાન ટળીને આત્માની ઓળખાણ કેમ થાય તેની આ વાત છે.

અહો, આ આત્મા તો ભગવાન છે; પરમાત્મા થવાનો તેનો સ્વભાવ છે. જે રાગાદિ ભાવો છે તે તો દુઃખરૂપ, ક્ષણિક, અશુદ્ધ અને ચેતનાવગરના છે, ચેતનસ્વભાવી ભગવાન આત્મા તેનાથી અત્યંત જુદો, સુખરૂપ, સદા સર્વજ્ઞસ્વભાવી પવિત્ર છે.

અતીન્દ્રિય સુખથી ભરેલો આત્મા છે તેની સન્મુખ થતાં રાગાદિ વગરના જ્ઞાનસ્વભાવ પણે આત્મા અનુભવાય છે. આવા આત્માનો અનુભવ તે શુદ્ધનો અનુભવ છે, ને તે ભૂતાર્થ છે. રાગાદિભાવો તેમાં અભૂતાર્થ છે. શુદ્ધનયના અનુભવમાં રાગાદિ છે જ નહિ; ગુણ-પર્યાયના ભેદ પણ તે અનુભવમાં નથી. ભેદના વિકલ્પરહિત એકાકાર જ્ઞાયકવસ્તુનો અભેદઅનુભવ તે સમ્યગ્દર્શન છે, ને તેની સાથે ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ છે. તે અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે તો આખી દુનિયા લૂખીલસ જેવી લાગે. આવા ચૈતન્યની અનુભૂતિમાં ભેદ દેખાતા નથી માટે તેને અભૂતાર્થ કહ્યા છે. આત્મામાં ગુણ-પર્યાયો છે જ નહિ એમ ‘અભાવ’ ગણીને અભૂતાર્થ નથી કહ્યા; ગુણ-પર્યાયો તો વિદ્યમાન છે; પણ શુદ્ધજ્ઞાયકભાવરૂપ એક અભેદતત્ત્વના અનુભવમાં તે ગુણ-પર્યાયના ભેદ દેખાતા નથી, માટે તેને ‘ગૌણ’ કરીને અભૂતાર્થ કહેલ છે. આવા આત્માને ઓળખવો તે સમ્યગ્દર્શન છે. અરે, પોતાના આવા ગંભીર ચૈતન્યતત્ત્વનું પહેલાં લક્ષ તો બાંધો. સત્‌નું સાચું લક્ષ કરીને તેને અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન થાય ને અતીન્દ્રિય આનંદરૂપે આત્માનો સ્વાદ આવે. આ અત્યંત મધુર ચૈતન્યરસ, જગતના બધા રસથી વિલક્ષણ છે, તેનો સ્વાદ જીવે સમ્યગ્દર્શન પહેલાં કદી ચાખ્યો ન હતો તે સ્વાદ સમ્યગ્દર્શનમાં આવ્યો, ત્યાં જગતના બધા રસ તેને માટે લૂખ્ખા નીરસ થઈ ગયા.

અરે જીવ! તારું સાચું સ્વરૂપ શું છે તેને તું વિચારની ધારામાં તો લે. ભાઈ, ઘણા જીવો નાની-નાની ઉમરમાં આયુષ પૂરું કરીને ચાલ્યા જાય છે; આવો મનુષ્ય-અવતાર અને સત્સંગના અવસરમાં પણ આત્માના હિત માટે કરવા જેવું કામ જો નહિ કરે તો ક્યારે કરશે? અરે, ભવના દુઃખનો દાહ લાગવો જોઈએ કે આવા ભવદુઃખ હવે આ આત્માને ન હો. આત્માના આનંદનો સ્વાદ જેમાં ન આવે તે મારું સ્વરૂપ નહિ-એમ સમજીને તેનો રસ છોડ, અને તે રાગાદિ વગરનું જે અંતરનું ચૈતન્યતત્ત્વ

છે તેને લક્ષમાં–અનુભવમાં લે; તો તારા ભવદુઃખના આરા આવી જશે ને ચૈતન્યસુખનો અપૂર્વસ્વાદ તને આવશે. આવું સુખ જેમાં અનુભવાય તે જ **ભગવાન મહાવીરનો માર્ગ છે.**

ચૈતન્યની સન્મુખ થઈને તેનો અનુભવ કરતાં રાગ બહાર રહી ગયા ને જ્ઞાનપરિણતિ અંદર અભેદ થઈ ગઈ; એટલે ત્યાં રાગાદિભાવો કે ભેદના વિકલ્પોરૂપ વ્યવહાર ન રહ્યો. આ રીતે શુદ્ધ આત્માનો અનુભવ કરતાં સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે. આવું તારું આત્મતત્ત્વ વિદ્યમાન છે–તે સર્વજ્ઞપરમાત્માએ બતાવ્યું છે. વર્દ્ધમાન ભગવાન અઢી હજાર વર્ષ પહેલાં દિવ્યધ્વનિથી ભરતક્ષેત્રમાં આવો આત્મા પ્રકાશતા હતા, અને અત્યારે પણ મનુષ્યક્ષેત્રમાં વિદેહમાં શ્રી સીમંધરપરમાત્મા વગેરે સાક્ષાત્ તીર્થંકર ભગવંતો દિવ્યધ્વનિથી આવો જ આત્મા પ્રકાશી રહ્યા છે ને ધર્મીજીવો તેવા આત્માને પોતામાં અનુભવી રહ્યા છે. કુંદકુંદાચાર્યદેવે ત્યાં જઈને સીમંધર પરમાત્માની વાણી સાંભળેલી; પોતે શુદ્ધાત્માને સાક્ષાત્ અનુભવીને અપૂર્વ આનંદરૂપ નિજવૈભવ પ્રગટ કર્યો હતો; અને તે જ શુદ્ધાત્મા તેમણે આ સમયસારમાં દેખાડીને ભરતક્ષેત્રના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

આત્માના શુદ્ધસ્વભાવને અનુભવમાં લેનારો શુદ્ધનય ભૂતાર્થ છે, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દ્રષ્ટિ થઈ શકાય છે. શુદ્ધનયવડે પોતાના શુદ્ધસ્વભાવને જ્યાં સુધી જીવ ન જાણે, અને વ્યવહારમાં મગ્ન રહે એટલે કે પર્યાયભેદ–રાગ–વિકલ્પમાં મગ્ન રહે ત્યાં સુધી સાચો આત્મા તેના જ્ઞાનમાં કે શ્રદ્ધામાં આવતો નથી એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થતું નથી. જીવે અનાદિથી શુદ્ધવસ્તુને કદી જાણી નથી. શુદ્ધનયવડે શુદ્ધવસ્તુને જાણે–અનુભવે ત્યારે જ જીવનું કલ્યાણ થાય. તેથી શ્રીગુરુઓએ જીવોના હિતને માટે શુદ્ધનયના ગ્રહણનો ઉપદેશ દીધો છે, ને વ્યવહારનું અવલંબન છોડાવ્યું છે.—આમ કરવાથી અંદર અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. —એ જ ધર્મનું ચિહ્ન છે. અંદર અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વગર ધર્મ થાય નહિ.

રાગનો, ભેદના વિકલ્પનો અનુભવ જીવને અનાદિથી છે, અજ્ઞાનથી તેને જ તે આત્મા માની રહ્યો છે; ભાઈ, તારો ભગવાન, તારો આત્મા, રાગ જેટલો નથી, વિકલ્પમાં પ્રાપ્ત થઈ જાય એવો તારો આત્મા નથી. આત્મા તો અનંત મહિમાનો ભંડાર છે. એને સ્વસંવેદનમાં લેતાં શુદ્ધનય પ્રગટે છે ને સર્વે વિકલ્પોથી આત્મા છૂટો પડી જાય છે.–અનંતગુણથી એકરૂપ, એકરસ પણે આત્મા અનુભવાય છે, તેમાં અતીન્દ્રિયઆનંદ છે, તે જ સમ્યગ્દર્શન અને જૈનધર્મના પ્રાણ છે.—એ જ **વીરનાથનો સન્દેશ છે.**

# સમ્યક્‌ત્વરૂપે પરિણમેલા આત્માનો અનુભવ
# અનુભવ માટે તું પણ આવા આત્માનો નિશ્ચય કર

[ અમદાવાદ : ( તા. ૮ થી ૧૩ એપ્રિલ ) સમયસાર ગાથા ૩૮ ઉપર પ્રવચનોમાંથી ]

**વઢવાણશહેરથી પ્રસ્થાન કરીને ચૈત્ર વદ નોમે પૂ. ગુરુદેવ અમદાવાદ શહેર પધાર્યા; જિનમંદિરમાં બિરાજમાન આદિનાથ ભગવાનના ઉન્નત પ્રતિમાજીનાં ભક્તિથી દર્શન કર્યાં; તથા વીતરાગવિજ્ઞાન જૈનપાઠશાળાનું ઉદ્‌ઘાટન કર્યું. પાટનગરમાં પાઠશાળા ચાલે તે એક પ્રશંસનીય વસ્તુ છે, ને ગુજરાત-સૌરાષ્ટ્રના દરેક ગામે પાઠશાળા ચાલુ કરવા માટે ધ્યાન આપવું અત્યંત જરૂરી છે. સ્વાગત બાદ મંગલપ્રવચનમાં ગુરુદેવે એકત્વ-વિભક્ત આત્માની સુંદરતા બતાવીને તેનો મહિમા કર્યો. પ્રવચનમાં સમયસાર ગા. ૩૮ તથા ગાથા ૧૧નો ભાવાર્થ વંચાયો. અમદાવાદના હજારો જિજ્ઞાસુઓએ પ્રેમથી લાભ લીધો.**

આ દેહથી ભિન્ન, અંદરના રાગાદિથી પણ ભિન્ન, જે સહજ જ્ઞાન–આનંદસ્વરૂપ આત્મા છે, તેનું ધ્યાન કરીને તેના શ્રદ્ધા–જ્ઞાન કર્યાં તે ધર્મીજીવ પોતાના સ્વરૂપને એવું અનુભવે છે કે–

**હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે! ૩૮**

જુઓ, સમયસારની આ ૩૮મી ગાથા ઘણી ઊંચી છે. આત્મા જ્યારે સર્વજ્ઞ પરમાત્મા થાય ત્યારે તેમને સર્વાંગેથી ॐ એવો દિવ્યધ્વનિ નીકળે છે; તેમાં આત્માના અનંત રહસ્ય આવે છે. તે ઝીલીને વીતરાગી સંતો જાતે અનુભવ કરે છે ને શાસ્ત્રો રચે છે; તેમાં ભગવાન અરિહન્ત પરમાત્માની વાણીનો સાર છે.

જે જીવ ધર્મી થયો તેનું લક્ષણ શું? તેને પોતાના આત્માનો અનુભવ કેવો હોય? તે અહીં બતાવે છે. જેમ ‘શ્રી–ફળ’ નો અંદરનો સફેદ મીઠો ગોળો છે, તે છાલાં–કાચલી ને છાલથી જુદો છે, તેમ ચૈતન્યમૂર્તિ આનંદરસથી ભરેલ શ્રી–ફળ એવો આત્મા નોકર્મ –દ્રવ્યકર્મ–ભાવકર્મથી જુદો, શુદ્ધ જ્ઞાનને આનંદનો ગોળો છે. સ્વસંવેદન પ્રત્યક્ષથી મારા આવા આત્માને હું જાણું છું. ઇન્દ્રિયજ્ઞાનનો જે વિષય નથી એવા મારા અતીન્દ્રિય આત્માને મારા સીધા સ્વસંવેનદથી હું અનુભવું છું. આવા આત્માના અનુભવમાં કોઈ રાગાદિ ભાવો નથી, કોઈ ભંગ–ભેદના વિકલ્પો નથી; વિકલ્પના સ્વાદથી પાર અતીન્દ્રિય આનંદનો સ્વાદ તેમાં આવે છે.

અજ્ઞાનદશામાં આનંદને ભૂલીને વિકારની આકુળતાનું વેદન હતું. જડના સ્વાદનું કે સ્પર્શાદિનું વેદન જીવને હોતું નથી. અરે, અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વ પોતે શાંતિના સ્વભાવવાળું, તેને ઇન્દ્રિયવિષયોમાં સુખ કેમ હોય? પોતે ચેતનતત્ત્વ, જડમાં સુખ માને –એ તો ઉન્મત્ત જેવું છે. નદી કિનારે બેઠેલો ઉન્મત્ત માણસ ત્યાં આવતા–જતા માણસોને તથા વાહનોને પોતાનાં માનીને દુઃખી થાય, તેમ અજ્ઞાનીજીવ મોહથી ઉન્મત્ત છે તે રાગાદિ પરભાવોરૂપે પોતાને વેદે છે તથા જડ સંયોગને પોતાના માનીને દુઃખી થાય છે. હવે ધર્મી થયેલો જીવ જાણે છે કે અરેરે, પૂર્વે મોહથી ઉન્મત્ત થઈને મેં પણ અનંતકાળ દુઃખમાં ગુમાવ્યો. પણ હવે વીતરાગીગુરુના ઉપદેશથી મારું શુદ્ધ સ્વરૂપ અતીન્દ્રિયજ્ઞાનવડે મેં જાણી લીધું છે, મારા પરમ સુખનો સ્વાદ મેં ચાખ્યો છે.

પહેલાં મારા મોહને લીધે હું અત્યંત ઉન્મત્ત હતો; મને મારા સ્વરૂપનું ભાન પહેલાં ન હતું, –પણ તે મારી જ ભૂલને કારણે તેમ હતું, કોઈ બીજાને કારણે તેમ ન હતું. અને હવે શ્રી જ્ઞાનીગુરુના ઉપદેશથી હું પોતે સાવધાન થઈને મારું શુદ્ધ સ્વરૂપ સમજ્યો, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટયો. જુઓ, બંને વાત કરી; અજ્ઞાનદશામાં મોહ નિમિત્ત હતો, ને જ્ઞાનદશા થવામાં શ્રી વીતરાગીગુરુ નિમિત્ત છે; બંને દશામાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, પણ બંને દશામાં હું પોતે મારી અવસ્થાથી તેવો થયો હતો; પહેલાં અપ્રતિબુદ્ધ પણ હું જ હતો, હવે અજ્ઞાન ટાળીને પ્રતિબુદ્ધ પણ હું જ થયો.

આમાં નિમિત્તરૂપ જ્ઞાનીગુરુ કેવા હોય તેની ઓળખાણ પણ આવી ગઈ. અહો, મારા ગુરુ શુદ્ધાત્માને અનુભવનારા છે ને રાગાદિ સર્વે પરભાવોથી અત્યંત વિરક્ત છે; રાગ સાથેની એકતા તોડીને જ્ઞાન સાથે એકતા જેમને પ્રગટી છે, એવા વિરક્ત ગુરુએ

મને મારો શુદ્ધ એકત્વ–વિભક્તિ આત્મા બતાવ્યો. મારા ઉપર અનુગ્રહ કરીને મને નિરંતર શુદ્ધઆત્મા સમજાવ્યો. ‘નિરંતર’ સમજાવ્યું એટલે શું? એનો અર્થ એ છે કે જ્યાં શ્રીગુરુએ શુદ્ધઆત્મા કહ્યો ત્યાં શિષ્યને અંદરમાં તે સમજવાની ધૂન ચડી ગઈ, નિરંતર તેની વિચારધારા એવી ઉપડી કે પોતાનો શુદ્ધઆત્મા સ્વાનુભવગમ્ય થયો.

એક તો, શ્રીગુરુએ ‘નિરંતર’ અમને સમજાવ્યું–એટલે કે સમજવાની નિરંતર ધૂન પોતાને જાગી.

બીજું––શ્રીગુરુએ નિરંતર સમજાવ્યું, તેમાં શું સમજાવ્યું? જે શુદ્ધ સ્વરૂપ અમને અનુભવમાં આવ્યું તે જ સ્વરૂપ શ્રીગુરુએ અમને સમજાવ્યું; અમારા ઉપર અનુગ્રહ કરીને શ્રીગુરુએ અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો. અને તેના વડે સ્વાનુભવ કરતાં અમને અમારા આત્માનો નિજવૈભવ પ્રગટયો. આવા ધર્મી–શિષ્યે પોતાના આત્માને કેવો અનુભવ્યો તેનું આ અલૌકિક વર્ણન છે. પોતાના અનુભવમાં આવ્યું ત્યારે ખરી ખબર પડી કે આહા! આવું આનંદમય ગંભીર ચૈતન્યતત્ત્વ મારા ગુરુ મને વારંવાર કહેતા હતા!

ભાઈ, દુનિયા શું માને, ને કેમ કરે એ વાત એના ઘરે રહી; દુનિયાને એકકોર મુકીને આ તો પોતે પોતાના આત્માનું હિત કરવાની વાત છે. જેને આત્માની ધૂન લાગે એનું મન દુનિયામાં ક્યાંય ઠરે નહિ; આત્માના અનુભવ વિના ક્યાંય એને જંપ ન વળે. દુનિયાનો રસ છૂટીને આત્મરસની ધૂન ચડી જાય, ત્યાં ઉપયોગ અંતરમાં એકાગ્ર થાય ને ત્યારે સમ્યગ્દર્શનાદિ થાય.

અહો, અનંતગુણગંભીર મારું ચૈતન્યતત્ત્વ, શ્રીગુરુ મને બતાવે છે,––એમ શુદ્ધાત્મા કાનમાં પડતાં જ તેની ધૂન લાગી, દિ ને રાત એવી લાગી કે અંદર જતાં રાગથી જુદા આનંદનો સ્વાદ આવ્યો. સ્વાદ આવતાં ખબર પડી કે અરે, મારો આત્મા તો આવો આનંદસ્વરૂપ છે! મારા ચૈતન્યનું વેદન રાગથી તો તદ્દન જુદી જાતનું છે. શુભાશુભરાગમાં મોક્ષના સ્વાદ ન હોય. રાગનાં કડવા સ્વાદમાં મોક્ષનાં મીઠાં ફળ કેમ પાકે? અહા, મારું આ ચૈતન્યતત્ત્વ. રાગથી પાર, શાંતિથી છલોછલ ભરેલું, તે મારા અંતરમાં મને પ્રાપ્ત થયું; પરમાત્મા હું જ છું–એમ મારું તત્ત્વ મેં દેખ્યું. પહેલાં ઉન્મત્ત હતો તે છૂટીને હવે સમ્યક્ આત્મારામ થયો, ભગવાન થયો. –જુઓ, આવો અનુભવ થયો તે જ્ઞાનીનું લક્ષણ છે.

જ્ઞાની પોતે આત્માને અનુભવીને જે વર્ણન કરે તે તો જોયેલી વસ્તુનું યથાર્થ વર્ણન છે. અનુભવ વગર બીજા અજ્ઞાનીઓ આત્માનો જે ઉપદેશ આપે તે યથાર્થ હોય નહિ. જેને આત્મા સમજવાની ધગશ હતી એવા શિષ્યને પોતાની સાચી તૈયારી થઈને સામે નિમિત્તરૂપે અનુભવી ગુરુનો ઉપદેશ મળ્યો. ઉપદેશ મળતાં જ તે ઝીલીને, આત્માના સ્વભાવમાં વળી ગયો, ત્યાં પોતાના આત્માને જ પરમેશ્વરરૂપે દેખ્યો.

જુઓ, શિષ્ય ઉપદેશ સામે જોઈને બેસી ન રહ્યો, ગુરુ સામે કે શુભવિકલ્પ સામે જોઈને બેસી ન રહ્યો; પણ પરનું લક્ષ છોડીને અંતરમાં વળ્યો. શ્રીગુરુએ ઉપદેશમાં પણ એમ જ કહ્યું હતું કે અમારી સામે જોઈને રાગની શુભવૃત્તિ ઊઠે તે પણ તારું સ્વરૂપ નથી, તે રાગથી પણ પાર જ્ઞાનસ્વરૂપ તારો આત્મા છે, તેને ધ્યેય બનાવજે. રાગથી ભિન્ન પડીને અંતર્મુખ ચિદાનંદ ભગવાનને સ્વાનુભવમાં લીધો તેણે ગુરુની આજ્ઞા અને ગુરુનો ઉપદેશ સ્વીકાર્યો. તેને રાગની સાથે એકતા તૂટીને આત્માના આનંદનો સ્વાદ આવ્યો. હવે રાગાદિની વૃત્તિઓ ઊઠે તે જ્ઞાનમાં એકપણે ભાસતી નથી પણ ભિન્નપણે જ ભાસે છે. –આ રીતે શુદ્ધચેતનારૂપે જ જ્ઞાનીને પોતાના સ્વરૂપનું સંચેતન છે.

અરે, તારા અંતરમાં તારા પ્રભુને શોધ. તારાથી જુદો બીજે કયાંય તારો પ્રભુ નથી, પૂર્ણ જ્ઞાનઆનંદરૂપે બિરાજમાન પ્રભુ તું જ છો. તારી ચેતના પાસે રાગ તો મૃતક જેવો છે. જેમ આ જડ શરીર તે ચેતના વગરનું હોવાથી તેને મૃતકકલેવર કહેવાય છે તેમ રાગાદિભાવો પણ ખરેખર ચેતના વગરના છે તેથી મૃતકકલેવર જ છે. અરે, ચેતનપ્રભુ પોતાને ભૂલીને મૃતકકલેવરમાં મોહી પડયો. પણ હવે શ્રીગુરુ પાસેથી સાંભળીને જ્યાં આત્માનું સમ્યક્ સ્વરૂપ સમજીને સ્વસંવેદનમાં લીધું ત્યાં આત્મા ક્ષણમાત્રમાં જાગી ઊઠયો કે અરે, હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા; મારા સ્વસંવેદન પ્રત્યક્ષથી જ જણાયો તે હું છું; રાગવડે મારું ગ્રહણ થઈ શકે નહિ, ને મારા ચૈતન્યના સ્વસંવેદનમાં રાગ આવે નહિ.

જુઓ, સમ્યગ્દ્રષ્ટિને આવા ચૈતન્યનું સ્વસંવેદન હોય છે. મોટા ગણધરદેવ હો કે નાનું દેડકું હો, કે આઠ વર્ષની બાળા હો––જે કોઈ સમ્યગ્દ્રષ્ટિ છે તે દરેકને પોતાનું ચૈતન્યનું આવું સ્વસંવેદન હોય છે. જેવો આત્મા ગણધરદેવની પ્રતીતમાં આવ્યો તેવો જ આત્મા મારી પ્રતીતિમાં આવ્યો છે–એમ ધર્મી નિઃશંક છે. ધર્મીના અંતરમાં તો ભગવાન બેઠા છે. આવો સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્ઞાનથી ભિન્ન કોઈ પણ પરભાવને તન્મયપણે કરતો નથી, પોતાના સ્વરૂપને તે રૂપે માનતો નથી; ચેતનાને રાગથી જુદી ને જુદી અનુભવે

છે. અંતરમાં ચૈતન્યના આનંદને દેખ્યો–અનુભવ્યો તે જ હું છું. મારી ચૈતન્યજાત રાગ સાથે મેળવાળી નથી. ચૈતન્ય સાથે તો અતીન્દ્રિયઆનંદ ને વીતરાગતા શોભે; ચૈતન્ય સાથે રાગ ન શોભે. આવા આત્માની અનુભૂતિ થઈ ત્યાં ‘હું જ પરમેશ્વર છું’ એમ ધર્મી નિઃશંક શ્રદ્ધે છે.––આનું નામ સમ્યગ્દર્શન.

સમ્યગ્દ્રષ્ટિ આત્મા સદાય આનંદમય અમૃતને ભોગવનાર છે. અનાજ વગેરેનું ભોજન તો જડ છે; અજ્ઞાની રાગનાં આકુળસ્વાદને વેદતો થકો ઝેરનું ભોજન લેતો હતો; ને ભેદજ્ઞાન થતાં જ્ઞાની રાગથી પાર અતીન્દ્રિયઆનંદના અમૃતનું ભોજન કરે છે; સદાય આનંદનું જ ભોજન કરે છે. રાગનું ભોજન (રાગનો ભોગવટો) જ્ઞાનીની ચેતનામાં એકક્ષણ પણ નથી. બંધ–અધિકારની શરૂઆતમાં એ વાત કરી છે કે પોતાની સહજ દશાને પ્રગટ કરીને નાચતું–પરિણમતું જ્ઞાન સદા આનંદઅમૃતને ભોગવે છે; તે અત્યંત ઉદાર, ધીરું, નિરાકુળ અને ઉપાધિ વગરનું છે. આવા જ્ઞાનરૂપે ધર્મીજીવ પરિણમ્યો છે, તે જ્ઞાનમાં રાગાદિ કોઈ પરભાવ જરાપણ નથી, પરભાવો તેનાથી બહાર ને બહાર જ રહે છે, જ્ઞાનમાં પ્રવેશતા નથી. જ્ઞાનનું આવું અચિંત્ય સામર્થ્ય છે કે રાગને જાણવા છતાં પોતે રાગથી અલિપ્ત રહે છે.

જે અપ્રતિબુદ્ધ શિષ્ય, શ્રીગુરુના ઉપદેશથી પ્રતિબુદ્ધ થયો તે પોતાના સ્વરૂપને કેવું સમજ્યો? તેનું આ વર્ણન છે. પ્રથમ તો ચૈતન્યજ્યોતિસ્વરૂપે મારા આત્માને મેં મારા સ્વાનુભવપ્રત્યક્ષથી જાણ્યો. ગતિ વગેરે વિભાવભાવોથી મારું એક ચૈતન્યસ્વરૂપ ભેદાઈ જતું નથી; મારું ચૈતન્યસ્વરૂપ વિભાવપર્યાયોરૂપ થઈ ગયું નથી; ગતિ વગેરે અનેક ભાવો તે રૂપે નહિ થતો હું મારા ચૈતન્યસ્વરૂપે સદા એક છું. ચારગતિરૂપ અશુદ્ધ અવસ્થાઓ કે નવતત્ત્વ સંબંધી વિકલ્પો, તેમનાથી અત્યંત જુદો એકલા જ્ઞાયકસ્વભાવરૂપ હું મને અનુભવું છું તેથી હું શુદ્ધ છું. જ્ઞાયકસ્વભાવથી એકત્વ છે તેથી આત્મા શુદ્ધ છે. ‘એક’ માં અશુદ્ધતા ન હોય. બીજાનો (રાગાદિ પરભાવનો) સંબંધ લક્ષમાં લ્યો તો જ અશુદ્ધતા થાય છે. તેથી કહે છે કે આત્માને રાગ–શરીરાદિ કર્મકૃત ભાવોથી અસંયુક્તપણું હોવા છતાં અજ્ઞાની પોતાના આત્માને રાગાદિથી સંયુક્ત અનુભવે છે, તે પોતાના આત્માને અશુદ્ધ જ દેખે છે; અને તે જ સંસારનું કારણ છે. પરભાવોથી અસંયુક્ત એવા શુદ્ધ એકત્વ–વિભક્ત આત્માને દેખવો–અનુભવવો તે મોક્ષનું બીજ છે. કુંદકુંદભગવાને સમયસાર દ્વારા આવા શુદ્ધ આત્માનો અનુભવ કરાવીને મહા ઉપકાર કર્યો છે.

[ નાઈરોબી–આફ્રિકા મુમુક્ષુમંડળ તરફથી આવેલ પત્ર અહીં આપવામાં આવે છે ]

[ નાઈરોબી તા. ૧૦–૩–૭૨ ]

## પરમ આદરણીય, સદ્ધર્મપ્રચારક, આત્માર્થી આધ્યાત્મિક સંત અને પરમાત્માના પ્રતિનિધિ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીને આફ્રિકા પધારવાની વિનંતી

માનનીય પ્રમુખ મહાશય,

શ્રી દિગંબર જૈનસ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.

સૂજ્ઞ મહાશય,

જયજિનેન્દ્રની અંતરતલ ઘોષણા સાથે લખવાની રજા લઈએ છીએ કે અહીંના મુમુક્ષુ મંડળની સ્થાપના આજથી ૨૨ વર્ષ પહેલાં થઈ હતી અને પૂજ્ય ગુરુદેવના પ્રતાપે મંડળની પ્રવૃત્તિ નિયમિત રીતે ચાલી રહી છે.

પૂજ્ય ગુરુદેવ જગતને આત્માનું પરમ સત્ય સ્વરૂપ બતાવી રહ્યા છે, સમજાવી રહ્યા છે અને એના પ્રતાપે હજારો લાખો મુમુક્ષુ જીવો જાગ્યા છે, અને પોતાનું આત્મહિત કેમ થાય તેને સાધવા માટે પ્રયત્નશીલ થઈ રહ્યા છે. એ રીતે પૂજ્ય ગુરુદેવનો પવિત્ર ઉપકાર વર્તી રહ્યો છે.

આ મંડળના પ્રારંભથી જ પૂજ્ય ગુરુદેવનાં મંગળ પ્રવચનોનું વાંચન તેમજ તેમના ટેપરેકોર્ડિંગ વ્યાખ્યાનો અને તેમના જ સાહિત્યનું વાંચન નિયમિત રીતે યથાશક્તિ અહીંના મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો દરેક હોંશથી કરી રહ્યા છે.

પૂ. ગુરુદેવે જગતના જીવોના કલ્યાણઅર્થે આધ્યાત્મિક ધોધ વહેવડાવ્યો છે. અને ભારતના હજારો ભવ્ય જીવો આ આધ્યાત્મિક વાણીથી વીતરાગમાર્ગ પ્રતિ વળી રહ્યા છે, આજના જૈનોનું આ એક અહો ભાગ્ય છે. આ જ રીતે પૂ. ગુરુદેવશ્રીની અમીભરી વીતરાગી વાણી સુણવાની ઘણા લાંબા સમયથી અહીંના જૈનસમાજે જિજ્ઞાસા સેવેલી છે, અને અમારું અંતઃકરણ તેઓશ્રીની ભવનાશક વીતરાગી વાણી સાક્ષાત્ સાંભળવા ઝંખી રહ્યું છે.

અમને ઊંડે ઊંડે ચોક્કસ શ્રદ્ધા અને આશા છે કે અમારા સદ્ભાગ્યે ગુરુદેવની પધરામણીનો પુણ્યપ્રસંગ આફ્રિકામાં થશે, અને તેઓશ્રીના પુણ્યપ્રતાપે આત્મધર્મની ખૂબ પ્રભાવના થશે, અને ખરેખર ત્યારે જ અમારા મનના મનોરથ સફળ થયા ગણાશે.

અત્યારે આ પંચમકાળ છે અને તેમાં....જ્યાં જુઓ ત્યાં વિષય–કષાયની પ્રવૃત્તિ જોરશોર કરી રહી છે, ચારેકોર રાગ–દ્વેષની રમઝટ ચાલી રહી છે; આ ઝેરી પ્રવૃત્તિમાંથી ઉગરવા માટે અહીંનો સમાજ પૂ. ગુરુદેવના ચરણોનું અભિષેક કરવા તલસી રહ્યો છે, તલપાપડ છે; અજ્ઞાનના એક એવા માળખે અહીંનો સમાજ અને સમુદાય પહોંચ્યો છે કે જ્યાં પૂ. ગુરુદેવ જેવા મહાન પવિત્ર અને ભવ્ય આત્માનું આગમન અમારા હૈયાની હોળીને શમાવી દઈને અમૃતનું મધુસીંચન કરશે; એટલે આવા આ કપરા કાળમાં પૂ. ગુરુદેવની આધ્યાત્મિક, ચમત્કારિક, વીતરાગી અમૃતમય વાણીની જરૂરીયાત હવે વિશેષ જણાઈ રહી છે.

પૂ. ગુરુદેવે દુઃખ અને દર્દમય સંસારની સ્થિતિનું અવલોકન કરીને આત્મતત્ત્વના અનુભવથી ભારતભરમાં અધ્યાત્મનો ધોધ વહેવડાવ્યો છે અને જૈનધર્મના શાસનને શોભાવ્યું છે.

જેવી રીતે ધર્મતીર્થનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીના સમવસરણના વિહારથી તેમની દિવ્યધ્વનિ દ્વારા સારીયે દુનિયાને મોક્ષમાર્ગનો સત્ય ઉપદેશ મળ્યો હતો તેવી જ રીતે પૂ. ગુરુદેવના ભારતભરના વિહારથી અને તેમના દિવ્ય ઉપદેશથી આખું ભારત તો ડોલી ઊઠયું છે અને શાસનપ્રભાવના અદ્‌ભુત રીતે વૃદ્ધિ પામી છે.

પરંતુ હવે પૂ. ગુરુદેવશ્રીનો આફ્રિકા તરફ વિહાર થાય–એવો સમય પાકી ગયો છે અને અહીંના ધર્મ–તૃષાતુર થયેલા જૈનસમાજને પૂ. ગુરુદેવની આધ્યાત્મિક બંસરી સાંભળવા મળે તો જ તૃપ્તિ થાય એવા સંજોગો છે.

પૂ. ગુરુદેવનો જ્ઞાનપ્રકાશ ભારતદેશમાં બધે પ્રકાશિત થઈ રહ્યો છે, અને તેઓશ્રી લાખો જીવોને સાચા માર્ગે દોરી રહ્યા છે, પૂ. ગુરુદેવનું આગમન અહીંના સમાજના અંતરના અંધારા ઓલવશે અને આત્મદીપનો પ્રકાશ બહાર લાવશે.

અંતમાં અમે સૌ અંતઃકરણપૂર્વક ભક્તિભાવથી પૂ. ગુરુદેવને અહીં આફ્રિકા પધારવાનું ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ, અને અમારું આ પ્રેમભર્યું આમંત્રણ સ્વીકારવા નમ્રભાવે વિનવિએ છીએ.

એજ વિનયવંત—

શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, નાઈરોબી વતી

( પ્રમુખ ) જેઠાલાલ દેવરાજ શાહ.

( મંત્રી ) ઝવેરચંદ પુનમચંદ શાહ.

[ આફ્રિકાના ભાઈઓમાં પહેલેથી જ સારી જાગૃતી છે. આફ્રિકામાં પણ જિનેન્દ્રભગવાનની મૂર્તિ પધરાવીને હંમેશાં દર્શન–પૂજન તથા સ્વાધ્યાય ઘણા જિજ્ઞાસુઓ કરે છે; લગ્નસંસ્કાર પણ જૈનવિધિથી જ કરે છે; હજારો ધાર્મિક પુસ્તકો મંગાવીને પ્રચાર કરે છે. તેમજ કેટલાય જિજ્ઞાસુઓ અવાર નવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લ્યે છે. આફ્રિકામાં ટેપરેકર્ડમશીન દ્વારા ગુરુદેવના પ્રવચનો સાંભળે છે. એકવખત તો આફ્રિકામાં જ આત્મધર્મના ૪૦૦ જેટલા ગ્રાહકો હતા. આવા આફ્રિકાના નૈરોબી મુમુક્ષુમંડળ તરફથી આવેલ વિનંતિપત્ર અહીં રજુ કર્યો છે. આ ઉપરથી આફ્રિકામાં થઈ રહેલા ધર્મપ્રચારનો જિજ્ઞાસુઓને ખ્યાલ આવશે જ્યારે આફ્રિકાના દૂરદૂર બેઠેલા જિજ્ઞાસુઓ પણ આવો લાભ લઈ રહ્યા છે ત્યારે ભારતના જિજ્ઞાસુઓએ તો કેટલો લાભ લેવો જોઈએ !! –સં. ]

## દહેગામ-સમાચાર :-

તા. ૧૮–૪–૭૨ ના રોજ જ્યારે પૂ. ગુરુદેવ દહેગામ બિરાજતા હતા ત્યારે બપોરના પ્રવચન દરમિયાન ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી ઘનશ્યામભાઈ ઓઝા ગુરુદેવના દર્શન કરવા આવ્યા હતા. ગુરુદેવનું જન્મધામ ઉમરાળા છે ને શ્રી ઓઝા પણ ઉમરાળામાં જન્મેલા છે. વર્ષો પહેલાં વકીલાતના કામે તેઓ અવારનવાર સોનગઢ આવતા ત્યારે ગુરુદેવના પ્રવચનમાં પણ આવતા. આજે ફરીને ગુરુદેવના દર્શનનો યોગ બનતાં તેમણે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ગુરુદેવના સુહસ્તે તેમને 'રત્નસંગ્રહ' અને 'શૂરવીર સાધક' પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. બે મિનિટના ટૂંકા વક્તવ્યમાં તેમણે કહ્યું કે હું દિલ્હી–પાર્લામેન્ટમાં કે આંતરરાષ્ટ્રીય સંમેલનમાં તો હું ઘણીવાર બોલ્યો છું. પણ અહીં મહારાજશ્રી સમક્ષ બોલતાં હું ક્ષોભ અનુભવું છું. સોનગઢમાં ગુરુદેવના પ્રવચનો હું સાંભળતો, વર્ષો બાદ આજે ફરીને તેમના શ્રોતા થવાનો લાભ જોગાનુજોગ આ દહેગામમાં બન્યો છે, તેથી મને આનંદ થાય છે. ( બરાબર આ દિવસે સાંજે જ દહેગામમાં ચૂંટણીનું પરિણામ હતું. )

## પાલેજની દુકાનમાં :- ( સાચો વેપારી )

પાલેજની દુકાનમાં ભક્તિ બાદ ગુરુદેવે કહ્યું કે જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અનાદિથી પોતાના ઉપયોગનો ઊંધો વેપાર કરે છે, રાગ–દ્વેષમાં ઉપયોગને જોડીને ખોટનો વેપાર કરે છે. તેને બદલાવીને, ઉપયોગના વેપારને અંદર ચૈતન્યસ્વરૂપમાં જોડતાં આનંદનો લાભ થાય છે, તે સાચો વેપાર છે, ને તેનાથી ભવના અંત આવે છે.

ઉપયોગના અંતર્વેપાર વડે જે પોતાનું સ્વરૂપ સમજ્યો તે કહે છે કે અહો ! પૂર્વે કદી નહીં સમજેલ એવું મારું ચૈતન્યપદ મને સમજાવ્યું તે પદને નમસ્કાર હો... ને જે ગુરુએ મારું આવું પદ મને સમજાવ્યું તે ગુરુને પણ નમસ્કાર હો.

**પાલેજની પ્રસાદીમાં ગુરુદેવ કહે છે-**

# હે જીવ ! તું ચૈતન્યરાજા છો

**પાલેજપુરીમાં પૂ. ગુરુદેવ બે દિવસ રહ્યા. બંને દિવસ હર્ષ-ઉલ્લાસભર્યું વાતાવરણ રહ્યું. એક તો પાલેજ ગુરુદેવનું જુનું પરિચિત ગામ, અને વળી વૈશાખ સુદ બીજનો મેળ! ભલે આ બીજ અધિક વૈશાખની હતી તોપણ પાલેજમાં જાણે નાના પાયા પર જન્મજયંતી જ ઉજવાતી હોય એવું વાતાવરણ હતું. ગુરુદેવ સાથે 'અનંતનાથ' ભગવાનને ભેટતાં ને પૂજતાં આનંદ થતો હતો. શ્રીફળ-આંબા વગેરેના તોરણોથી સુશોભિત મંડપમાં આનંદથી જન્મજયંતીને લગતા કાર્યક્રમો, પ્રભાતફેરી મંગલવધાઈ-ભક્તિ વગેરે થયા હતા. ઉપસ્થિત મુમુક્ષુઓએ હોંશેહોંશે આનંદ-ઉલ્લાસથી ભાગ લીધો હતો. ગુરુદેવ પણ ખૂબ પ્રસન્નચિત્ત હતા, ને પ્રસન્નચિત્તે ચૈતન્યરાજાની સેવા કરવાનું સમજાવતા હતા કે-તું પોતે જ ચૈતન્યરાજા છો, તેને જાણીને તેનો અનુભવ કર, —એ જ મોક્ષની રીત છે, અહીં ગુરુદેવના પાલેજના પ્રવચનોની પ્રસાદી વાંચીને આપને પણ આનંદ થશે.**

[ પાલેજ શહેરના પ્રવચનોમાંથીઃ અધિક વૈશાખ સુદ ૧–૨, સમયસાર ગાથા ૧૭–૧૮ ]

આ દેહથી ભિન્ન આત્મા આનંદસ્વરૂપ છે, તેને ભૂલીને, પર મારાં ને રાગમાં મારું સુખ એવી જે અજ્ઞાનબુદ્ધિ છે તે આત્માને દુઃખનું કારણ છે તેથી તે અરિ છે—દુશ્મન છે. આત્માના જ્ઞાનવડે તેને હણીને, તેમજ રાગ–દ્વેષને પણ હણીને જેઓ સર્વજ્ઞ–વીતરાગ પરમાત્મા થયા તેઓ અરિહંત છે. ને પરમાર્થે બધાય આત્માનો તેવો સ્વભાવ છે.

પોતાના સર્વજ્ઞ–આનંદસ્વભાવને ભૂલીને અનાદિકાળમાં પાપ તેમજ પુણ્ય બંને ભાવો જીવે કર્યાં છે ને તેના ફળમાં નરકમાં તેમજ સ્વર્ગમાં અનંત અવતાર કર્યાં છે. પણ તે પુણ્ય–પાપ બંનેથી પાર જ્ઞાનસ્વરૂપ પોતે કોણ છે તે કદી જાણ્યું નથી. ભાઈ! તારી ચૈતન્યચીજ પાપ અને પુણ્ય બંનેથી જુદી જાતની છે. રાગથી પાર ચૈતન્યના વેદનવડે તારું અજ્ઞાન ટળશે ને સમ્યક્ત્વ થશે, ત્યારે જ તારા ભવના આરા આવશે. આવા જ્ઞાનના ભાન વગર ગમે તેટલા ભણતર ભણે, કે દુનિયામાં ગમે તેટલા ડહાપણ કરે, તેમાં આત્માનું કલ્યાણ કે ધર્મ નથી.

સંસારમાં જીવે નરકના ભવ કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગુણા કર્યાં છે. સ્વર્ગના અસંખ્યભવ કરે ત્યારે નરકનો એક ભવ થાય–એ રીતે અનંતવાર સ્વર્ગ નરકના ભવ કર્યાં. હવે સ્વર્ગમાં ગયો તે તો પુણ્ય કરીને ગયો; એટલે પુણ્ય જીવે અનંતવાર કર્યાં છે. રાગ તો કરતાં અજ્ઞાનીને આવડે છે, એ કાંઈ નવું નથી. પણ રાગથી પાર, એકત્વ ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે શું ચીજ છે તે કદી જીવે જાણ્યું નથી–અનુભવ્યું નથી. તેથી અહીં વીતરાગી સંતો આત્માને જાણવાનો ઉપદેશ આપે છે.

જે મુમુક્ષુ છે, જે આત્માનો અર્થી છે, તેનું પ્રયોજન એ છે કે પોતાના ચિદાનંદસ્વરૂપ ચૈતન્યરાજને જાણવો. અંતરના જ્ઞાનવડે ચૈતન્યતત્ત્વની કિંમત કરતાં, બીજા બધા પદાર્થોની કિંમત અને મહિમા છૂટી જાય છે, પોતે પોતાને ચૈતન્યની અનુભૂતિસ્વરૂપ જાણે છે. –આમ પોતાનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવી, અને પછી તેમાં લીન થઈને તેનું અનુસરણ–સેવન કરવું તે મોક્ષને સાધવાનો ઉપાય છે, તેના વડે અવશ્ય મોક્ષની સિદ્ધિ થાય છે.

જેમ લોકમાં રાજા તેના ખાસ લક્ષણોવડે બીજાથી જુદો તરી આવે છે, તેના વિશેષ પુણ્યલક્ષણોવડે તે ઓળખાય છે. તેમ જગતમાં શ્રેષ્ઠ એવો આ આત્મા ચૈતન્યરાજા છે તે તેના ખાસ ચૈતન્ય લક્ષણ વડે બીજાથી જુદો લક્ષમાં આવે છે; તેના ચૈતન્યની વિશેષ અનુભૂતિના સ્વાદવડે તેનું અદ્ભુતસ્વરૂપ ઓળખાય છે. અહા, આત્માની ઓળખાણ થતાં સમકિતી ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવે છે; તે સ્વાદ જગતના બીજા કોઈ પદાર્થમાં કે રાગમાં કયાંય નથી. નરકમાં રહેલો જીવ પણ જ્યાં અંદર પોતાની ચૈતન્યવસ્તુની સન્મુખ થઈને તેને અવલંબે છે ત્યાં તેને આત્મામાં પરમ આનંદના અંકુરા ફૂટે છે. તે આનંદના સ્વાદ પાસે રાગનો રસ એને છૂટી જાય છે.

આ શરીરાદિ જડ, અને રાગાદિ શુભ–અશુભભાવો–એ કોઈ રાજા નથી, તેમાં ચૈતન્યની શોભા નથી; શરીર અને રાગથી પાર જે અતીન્દ્રિય ચૈતન્યભાવ, તે આત્માનું

લક્ષણ છે, તેના વડે ચૈતન્યરાજા શોભે છે. –આવા ચિહ્નવડે આત્માને જ ઓળખે છે તે જ તેને સાધી શકે છે, બીજા તેને સાધી શકતા નથી.

અરે જીવ! આ તારા છૂટકારાની, તારા આનંદની વાત સંતો તને સંભળાવે છે. અહા, પોતાના આનંદની ને પોતાના મોક્ષની વાત સાંભળતાં કોને આનંદ ન થાય? એક નાનું વાછરડું પણ જ્યાં તેને દોરીના બંધનથી છોડીને પાણી પાવા લઈ જાય ત્યાં છૂટકારાની હોંશથી તે થનગની ઊઠે છે, તો અહીં તું અનાદિકાળના અજ્ઞાનથી સંસારમાં બંધાયેલો, તારા છૂટકારાની ને અતીન્દ્રિય આનંદના અનુભવની રીત તને સંતો સંભળાવે, તે સાંભળીને તારો આત્મા રાજી થઈને જો થનગની ન ઊઠે, તને હોંશ ન આવે, તો શું તું વાછડામાંથી પણ ગયો! અહા, આ તો મારા અનંતકાળના બંધનથી છૂટકારાની અપૂર્વ વાત સંતો મને સંભળાવે છે....એમ મોક્ષાર્થી જીવ ઉલ્લાસથી સાંભળીને અનુભવ કરે છે.

અહા, આ તો મારી મુક્તિ માટે સર્વજ્ઞ ભગવાનનાં કહેણ આવ્યા છે. ભગવાન અને સંતો મને ‘ભગવાન’ કહીને જગાડે છે. અરે, અજ્ઞાનીપણે મેં અત્યારસુધી પુણ્ય–પાપના રાગના વિકૃત સ્વાદ જ લીધા, પણ ચૈતન્યના આનંદનો અત્યંત મધુરસ્વાદ મેં કદી ચાખ્યો ન હતો, તે શ્રીગુરુએ મને બતાવ્યો.

ભગવાન! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદનો નાથ છે; તેમાં શુભ–અશુભ રાગના રંગ નથી. ચૈતન્યની નિર્મળતામાં રાગનાં મેલ કેવા? અરે આત્મા! તું ચોરાશીના અવતારથી થાકયો હો, ને મોક્ષનો અર્થી થયો હો તો પ્રથમ તારો આત્મા–ચૈતન્યરાજા કેવો છે તેને તું જાણ તારું ચૈતન્યપણું એવું છે કે જેમાં રાગ પ્રવેશ ન કરે. આવા ચૈતન્યભાવપણે આત્માનો અનુભવ કરતાં પરમ આનંદ સહિત ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. આત્માને જાણે ને અતીન્દ્રિય આનંદ ન થાય એમ બને નહિ. રામનો વેશ ધરતાં પણ રાવણના ભાવ પલટી જાય, તો આ ચૈતન્યરામ પોતે પોતાનું સાચું રૂપ ધારણ કરે ત્યાં તેને વિકાર કેમ રહે? રાગની રુચિ છોડીને હે જીવ! એકવાર તારા સાચા ચૈતન્યરૂપને ધારણ કરીને તારા આનંદના નાથને તું રીઝવ. આત્મરામ પોતાના ચૈતન્યભાવમાં આવે ત્યાં રાગની રુચિ રહે નહિ. રાગ અને જ્ઞાનનું પરિણમન ભિન્નભિન્ન થઈ જાય, આવું જે રાગ વગરનું જ્ઞાન તે જ આત્માના અનુભવનું સાધન છે, તે જ મોક્ષનું સાધન છે.

અત્યારે મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજી રહ્યા છે. ત્યાં જઈને દિવ્યધ્વનિમાંથી આ ઊંચો માલ લાવીને ભગવાનના આડતિયા તરીકે કુંદકુંદસ્વામી ભવ્ય

જીવોને આપે છે. અહો, આત્માના અનુભવનો આ ઊંચો માલ ભરતક્ષેત્રના ભવ્યજીવોને માટે કુંદકુંદાચાર્યદેવ વિદેહમાંથી લાવ્યા છે. તે જ આ સન્દેશ છે. અહા, આ તો આત્માના હિત માટે તીર્થંકર ભગવાનના સન્દેશ છે. એકવાર તું રાગથી ભિન્ન પડીને ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાન કરીને, તીર્થંકર ભગવાનના આ કહેણનો સ્વીકાર કર.

અરે, અરાગી જિનસ્વરૂપ આત્મા, તેને રાગમાં મજા માનવી–એ શોભતું નથી. ચૈતન્યની શાંતિ રાગમાંથી ન પાકે; ચૈતન્યતત્ત્વ પોતે શાંત, રાગ વગરનું છે. રાગના બાવળ ઉપર ધર્મના આંબા ન પાકે. રાગથી તો ચારગતિનાં ફળ પાકે, શુભરાગના પુણ્યથી સ્વર્ગ પાકે–પણ તેમાં ધર્મનાં ફળ ન પાકે, તેમાં ચૈતન્યની શાંતિ કે આનંદ ન આવે.

જ્ઞાનના ચેતનભાવના વેદનમાં જે શાંતિ છે તે શાંતિ રાગના વેદનમાં નથી, રાગનું વેદન ક્લેશરૂપ છે. આ રીતે જ્ઞાનના વેદનથી રાગનું વેદન તદ્દન જુદી જાતનું છે, એટલે બંનેની ભિન્નતા છે.

## -: તીન બાત:-

- જે જીવ પોતામાં રહેલા નિજગુણને દેખતો નથી અને બીજા પાસેથી ગુણપ્રાપ્તિની આશા રાખે છે તે પરાધીનદષ્ટિવંત મિથ્યાદષ્ટિ છે.

**-અને-**

- જે જીવ પોતાની ભૂલને નથી દેખતો ને પોતાના દોષ બીજા ઉપર ઢોળવાની ચેષ્ટા કરે છે તે પણ મિથ્યાદષ્ટિ છે.

**-પણ-**

- જે જીવ સર્વગુણસમ્પન્ન આત્માના નિજગુણને નીહાળે છે, અને તે ગુણથી વિપરીત ભાવરૂપ નિજ દોષોને પણ દેખે છે, તે જીવ ગુણભાવના વડે દોષને દૂર કરે છે; તે સમ્યગ્દષ્ટિ જિનમાર્ગ ઉપાસક છે.

# જીવે પૂર્વે કદી શું નથી કર્યું ?

**પરથી ભિન્ન અને પોતાના સ્વભાવથી એકત્વરૂપ શુદ્ધ જ્ઞાનતત્ત્વનું શ્રવણ-પરિચય-અનુભવ જીવે પૂર્વે કદી કરેલ નથી. માટે હવે હે જીવ! અપૂર્વ ભાવે જ્ઞાની પાસેથી તારા સ્વરૂપનું શ્રવણ કર...વારંવાર તેનો પરિચય કર અને અનુભવ કર...તારો મહાન આત્મવૈભવ તને દેખાશે.**

[ દહેગામઃ પ્ર. વૈશાખ સુદ ૪–૫ સમયસાર ગા. ૪ ]

સમયસારની પાંચમી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અહો, એકત્વ–વિભક્ત શુદ્ધઆત્માનું સ્વરૂપ હું મારા આત્માના સમસ્ત વૈભવવડે દેખાડીશ, તેને સ્વાનુભવવડે તમે પ્રમાણ કરજો. ત્યારપહેલાં ચોથી ગાથામાં આત્માના એકત્વસ્વરૂપની દુર્લભતા બતાવતાં કહે છે કે હે જીવો! જે શુદ્ધસ્વરૂપ હું આ સમયસારમાં દેખાડું છું તે અપૂર્વભાવે સાંભળજો, –કેમકે આવું સ્વરૂપ જીવે પૂર્વે ખરેખર સાંભળ્યું નથી, પરિચયમાં લીધું નથી ને અનુભવમાં લીધું નથી. સાચું શ્રવણ તેને કહેવાય કે તેવું જ સ્વરૂપ લક્ષમાં લઈને અનુભવમાં લ્યે. અનુભવ વગરના શ્રવણને અમે શ્રવણ કહેતા નથી. અહીં તો જેવું ગુરુએ કહ્યું તેવું શિષ્યે અનુભવ્યું–તેવા શ્રોતાની વાત છે. સાંભળતાં જ એમ થાય કે અરે, મારું આવું અચિંત્ય સ્વરૂપ પૂર્વે કદી મેં જાણ્યું ન હતું, સાંભળ્યું ન હતું. વાણી તો કાને પડી પણ આવા ભાવે પૂર્વે કદી મેં સાંભળ્યું ન હતું,–એમ અપૂર્વભાવે લક્ષ કરીને શિષ્ય શ્રવણ કરે છે, તેને જ સાચું શ્રવણ કહેવાય.

અરે જીવ! ચાર ગતિના અનંતભવમાં તું રાજા પણ થયો ને ભીખારી પણ થયો, મોટો દેવ થયો ને નારકી પણ થયો,—પણ તે બધાથી ભિન્ન, રાગથી ભિન્ન તારા ચૈતન્યતત્ત્વનો સ્વાદ તેં કદી ચાખ્યો નથી. તેં રાગ–દ્વેષનો, વિષય–કષાયનો સ્વાદ જ લીધો છે, ને તું મોહથી દુઃખી જ થયો છો. અરે, ક્યાં તારો શાંત–અનાકુળ ચૈતન્યસ્વભાવ, ને કયાં આ આકુળતાથી ભરેલા વિષય–કષાયો! એ તો ચૈતન્યથી અત્યંત વિરુધ્ધ છે, દુઃખદાયક છે; છતાં તેની કથા તેં પૂર્વે સાંભળી છે, તેમાં રસ લીધો છે, પણ તારા આનંદ–

સ્વરૂપ આત્માની વાત તેં પૂર્વે સાંભળી નથી, તેમાં રસ લીધો નથી; હવે અમે તને તે વાત અપૂર્વ આત્મવૈભવથી સંભળાવીએ છીએ, તો હવે તું અપૂર્વ ભાવે તેનું શ્રવણ કરજે, તેનો રસિક થઈને તેનો અનુભવ કરજે.

**શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.**

અહા, પહેલાં તો નાના બાળકને પારણામાં ઝુલાવતાં-ઝુલાવતાં માતાઓ પણ શુદ્ધ-બુદ્ધ આત્માના હાલરડાં સંભળાવતી અને નાનપણથી જ અધ્યાત્મના સંસ્કાર રેડતી...કે બેટા! તું શુદ્ધ છો...તું બુદ્ધ છો...તું નિર્વિકલ્પ છો...તું જગતથી ઉદાસ છો...-આવા શુદ્ધાત્માની વાત સંભળાવનારા અને પ્રેમથી સાંભળનારા પણ જગતમાં દુર્લભ છે. રાગનો ને વિષયોનો રસ જીવને અનાદિથી છે, ને તેની વિકથા કરનારા જીવો પણ ઘણા છે; તે રાગનો ને વિષયોનો રસ છોડીને ચૈતન્યના રસથી તેની વાત સાંભળવી-જીવોને બહુ દુર્લભ છે. અહીં સમયસાર દ્વારા જીવોને તે વાત સંભળાવે છે. તો હે જીવ! તું આત્માનો અર્થી થઈને સાંભળજે. અરે જીવ! તું અતીન્દ્રિય આનંદનો રસ છો; તેને બદલે આત્માને દુઃખદાયક એવા બંધભાવોમાં; રાગમાં પુણ્યમાં ને વિષયોમાં જ તું અનાદિથી રાચી રહ્યો. રાગ-પુણ્ય ને વિષયોથી પાર જે તારું અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વ મહા આનંદરૂપ છે તે અમે તને સંભળાવીએ છીએ, તેનો પ્રેમ-રુચિ-આદર કરીને અનુભવમાં લેજે. ભાઈ, આવી વાત સાંભળવાના ને આત્માને સાધવાના ટાણાં ફરીફરીને મળવા બહુ મોંઘા છે.

પુણ્ય-પાપની વાત ને વિષય-કષાયોની વાત એ કાંઈ નવી નથી, અનંતવાર જીવ તે ભોગવી ચુકયો છે; નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના બધા અજ્ઞાની જીવો પુણ્ય-પાપ તો કરે જ છે ને વિષય-કષાયોને અનુભવે છે. ભલે શુભરાગ હો-તે પણ કષાયચક્ર જ છે, તે કાંઈ જીવનો સ્વભાવ નથી. રાગાદિ કરવારૂપ કર્મચેતના, અને વિષયો ભોગવવાના હર્ષ-શોકરૂપ કર્મફળચેતના, તે બંને આત્માની જ્ઞાનચેતનાથી ભિન્ન છે. આવી જ્ઞાનચેતનારૂપે આત્માને અનુભવતાં જે આનંદ આવે તે આનંદ આ જગતમાં બીજે કયાંય નથી.

સમવસરણમાં જઈને ભગવાનની વાણીમાં આત્માની કથા તો સાંભળી, -પણ ચૈતન્યનો પ્રેમ પ્રગટ કરીને ન સાંભળ્યું, રાગના પ્રેમમાં રોકાઈને સાંભળ્યું-એટલે તેણે

તો ખરેખર રાગની કથા સાંભળી, ચૈતન્યની કથા ન સાંભળી. ચૈતન્યની કથા સાંભળી તો ત્યારે કહેવાય કે જ્યારે બીજાનો રસ છોડીને ચૈતન્યના રસથી તેનું શ્રવણ કરે. આવું શ્રવણ જીવોને દુર્લભ છે. બીજું તો બધું જીવોને સુલભ છે, એકમાત્ર રાગ વગરના ચૈતન્યનું શ્રવણ–પરિચય –અનુભવ સુલભ નથી, દુર્લભ છે. ભલે દુર્લભ, છતાં જે જીવ કરવા માંગે તેને થઈ શકે તેવું છે; તેને તો ચૈતન્યતત્ત્વ સુલભ થઈ જાય છે; મુનિરાજ કહે છે કે અરે, અમને વિષય–કષાયોની વાત તો **દુર્લભ** અને કષ્ટદાયક લાગે છે, અમારા ચૈતન્યનો આનંદ અમને **સુલભ** છે. ચૈતન્યને **દુર્લભ** કહીને તો તેનો મહિમા બતાવ્યો છે. દુર્લભ છે માટે તું વધારે પ્રયત્ન કરજે, અપૂર્વભાવે અભ્યાસ કરજે–એટલે તને તે સુલભ થઈ જશે. પૂર્વે પુણ્ય–પાપની વાત સાંભળી તેના જેવી આ વાત નથી, આ તો તેનાથી તદ્દન જુદી ચૈતન્યતત્ત્વની વાત છે. માટે પુણ્યની વાત જેવી ગણીને આ વાત કાઢી ન નાંખીશ. પુણ્યથી પાર મારા ચૈતન્યતત્ત્વની આ કોઈ ગંભીર વાત છે–એમ ઊંડો ઊતરીને, પ્રજ્ઞાછીણીવડે રાગ અને આત્માને જુદા કરી નાંખજે.–આમ કહીને આચાર્યદેવે સમયસારમાં એકત્વ–વિભક્ત સ્વરૂપ આત્મા દેખાડયો છે.

## ❁ વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા ❁

**આત્મધર્મના સર્વે જિજ્ઞાસુ વાંચકોનો આ પ્રિય વિભાગ લાંબા વખતે રજુ થાય છે. આ વિભાગ માટે આપના વિચારો કે પ્રશ્નો આપ લખી શકો છો; જેમ વધારે જિજ્ઞાસુઓ ભાગ લેશે તેમ આ વિભાગ સુંદર અને સમૃદ્ધ બનશે. નાના કે મોટા સૌને આમાં ભાગ લેવા આમંત્રણ છે.**

પ્રશ્ન :–ભાવલિંગી મુનિનો આપ ઘણો જ અપાર મહિમા કરો છો. અત્યારે એવા ભાવલિંગી મુનિ છે?

ઉત્તર :–હા; મનુષ્યલોકમાં અત્યારે આઠ કરોડથી પણ વધુ ભાવલિંગી મુનિવરો વિચરે છે; તેમને નમસ્કાર હો.

પ્રશ્ન :–ઈશ્વર કેટલા?

ઉત્તર :–ઈશ્વર અનંત છે; જે કોઈ જીવો સર્વજ્ઞતા અને પૂર્ણાનંદને પામ્યા છે તેઓ ઈશ્વર છે; ને એવા સર્વજ્ઞ–પરમેશ્વર અનંતા છે. તેમને નમસ્કાર હો.

* ઘોડનદીથી સ. નં. ૯૧ શૈલાબેન મિશ્રભાષામાં લખે છે કે–મારા નાનાભાઈને પણ 'જિનવરનો સંતાન' બનાવશો. આત્મધર્મ અને સોનગઢના સાહિત્યનો અભ્યાસ સતત ચાલુ છે. સોનગઢથી ભેટપુસ્તક મળતાં બહુત આનંદ આતા હૈ! પૂજ્યશ્રીના આશીષથી સમકીતકી પ્રાપ્તિ હોવે–આ આશીર્વાદ માગું છું (બાળપણમાં તમારી ઉત્તમ ભાવના માટે ધન્યવાદ!)

પ્રશ્ન :–આત્મા કયાંથી આવે છે? ને કયાં જાય છે?

ઉત્તર :–આત્મસ્વરૂપે સદાય ટકનારો આત્મા, ચારગતિમાં ભમતાં કોઈ પણ એકગતિમાંથી બીજી ગતિમાં આવે છે, ને તેમાં પોતે કરેલા પુણ્ય–પાપ અનુસાર તે બીજી ગતિમાં જાય છે; એમ ગતિઓમાં ભ્રમણ કર્યા કરે છે પણ જ્યારે કોઈક ધન્યપળે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને ઓળખીને, તેને પૂર્ણપણે સાધે છે ત્યારે તે સિદ્ધ થઈને સિદ્ધાલયમાં જાય છે એટલે કે મોક્ષ પામે છે, પછી તે કદી સંસારમાં પાછો આવતો નથી. તે સિદ્ધભગવાન થઈને મોક્ષરૂપ પરમ આત્મસુખને સદાકાળ અનુભવે છે.

## વૈરાગ્યસમાચાર-

* વઢવાણશહેરની દીવાળીબાઈ જેચંદ દોશી (તેઓ રતિલાલ જેચંદના માતુશ્રી)ઉ. વ. ૮૩, ફાગણસુદ ૧૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધોરાજીના શ્રી કુસુંબાબેન (તેઓ નાનાલાલ વલ્લભદાસના માતુશ્રી, ઉંમર વર્ષ ૮૦) ફાગણવદ ચોથના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તાજેતરમાં ફાગણસુદ ૧૧–૧૨ ના જેતપુર મુકામે તેમણે ગુરુદેવના દર્શનનો લાભ લીધો હતો.

* બોટાદના ભાઈશ્રી પ્રાણલાલ મગનલાલ શાહ, અમદાવાદ મુકામે, તા. ૫–૪–૭૨ ના રોજ છત્રીસ વર્ષની યુવાન વયે સ્વર્ગવાસ પામ્યા છે. ગંભીર બીમારીનું ઓપરેશન થવાનું હોવાથી, તેમણે સ્વર્ગવાસના ચાર–પાંચ દિવસ પહેલાં ગુરુદેવ પ્રત્યે પત્ર દ્વારા ભક્તિ વ્યક્ત કરીને ક્ષમાયાચના કરી હતી. ગુરુદેવ આઠમી તારીખે અમદાવાદ પધારે ત્યારે દર્શન કરવાની તેમને ભાવના હતી પણ તે પહેલાં ત્રણ દિવસ પહેલાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ શિક્ષક હતા ને અવારનવાર સોનગઢ આવીને બાળકોને શિક્ષણ પણ આપતા હતા. શાસ્ત્રઅભ્યાસનો પણ તેમને શોખ હતો.

* વડીયાના કાર્યકર શ્રી ચુનીલાલ કપુરચંદ પારેખ, તા. ૯–૪–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ફાગણ માસમાં ગુરુદેવ વડીયા પધાર્યા ત્યારે તેમના ઘરે ઉતારો હતો, ને તેઓ પ્રવચનમાં પણ આવતા. ઝવેરચંદ મેઘાણીના તેઓ બનેવી થાય.

* તલોદ (બાલીસણાવાળા) ભાઈશ્રી કાંતિલાલ પુંજીરામ શાહ ચૈત્રસુદ છઠ્ઠના રોજ હેમરેજથી સ્વર્ગવાસ પામ્યા છે. તાજેતરમાં તલોદ શિક્ષણ વર્ગમાં તેમણે ઉત્સાહથી લાભ લીધો હતો.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

* * *

## વિહાર-કાર્યક્રમ

પૂ. ગુરુદેવ હાલ ગુજરાત પ્રદેશમાં વિચરી રહ્યા છે. કાર્યક્રમ નીચે મુજબ છે–

| | |
|---|---|
| હિંમતનગરઃ તા. ૨૫–૨૬ એપ્રિલ, | નવાઃ તા. ૨૭ |
| ચોરીવાડઃ તા. ૨૮–૨૯ | રણાસણઃ તા. ૩૦ તથા ૧ મે |
| ફત્તેપુરઃ તા. ૨ થી ૧૬ પ્ર. વૈ. વદ ૪ થી | દ્વિ. વૈ. સુદ ૪ સુધી |
| રામપુરા થઈને બામણવાડઃ (તા. ૧૭–૧૮) | (રામપુરામાં વેદી પ્રતિષ્ઠા તા. ૧૭) |
| ઉદેપુર (રાજસ્થાન)ઃ તા. ૧૯ થી ૨૨ | (સ્વાધ્યાયભવનનું ઉદ્ઘાટન) |
| કુરાવડઃ તા. ૨૩–૨૪; | મંદસોરઃ તા. ૨૫ થી ૨૮ |
| પ્રતાપગઢઃ તા. ૨૯ થી ૧ જુન; | રતલામઃ તા. ૨ અને ૩ જુન. |
| બડનગરઃ તા. ૫ થી ૮ | |
| મુંબઈઃ તા. ૯ | |
| ભાવનગરઃ તા. ૧૦ થી ૧૩ | |
| સોનગઢઃ તા. ૧૪ જુન, બુધવાર, જેઠ સુદ ૩ | |

[ **સૂચના :** અગાઉ છપાયેલ રતલામ પછીના કાર્યક્રમની તારીખોમાં એક દિવસનો ફેરફાર થયેલ છે; તથા બડનગરનો કાર્યક્રમ વધ્યો છે તે લક્ષમાં લેશોજી. ]

**ફત્તેપુર માટે તારનું સરનામું :–**

JAY MAHAVIR (જય મહાવીર) Post SALAL (PRANTIJ)

(ફત્તેપુરમાં તાર ઓફિસ નથી)

# મુમુક્ષુનું જીવન

[ સંપાદકીય ]

આત્માને સાધવા માટે તત્પર મુમુક્ષુનાં પરિણામ કેવા ઉજ્જવળ હોય, આત્માને સાધવા માટે તેની ધગશ કેવી હોય, દેવ–ગુરુ પ્રત્યે ને સાધર્મી પ્રત્યે તેનો ઉમંગ કેવો હોય, જગત પ્રત્યે તેને ઉદાસીનતા કેવી હોય!–તે બધુંય ગુરુદેવ આપણને સૌને અવારનવાર પ્રતિબોધે છે...મુમુક્ષુઓ આનંદથી એ શિખામણ ઝીલે છે.

ગુરુદેવના શ્રીમુખથી ઝીલેલા, હિતશિખામણના દશ બોલ અગાઉ આત્મધર્મમાં આવેલા, તે ફરીને આ અંકમાં પણ આપ્યા છે. બધા જ મુમુક્ષુઓએ ગુરુદેવની આ શિખામણ વાંચીને ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી છે...અને ગામેગામ...ઘરેઘરે આ વાત પ્રચાર પામે તેવી ભાવના વ્યક્ત કરી છે. આ હિતશિખામણ છાપેલા પાના ગુરુદેવે સ્વહસ્તે સેંકડો મુમુક્ષુઓને આપ્યા છે.

અહા, આ કાળે આવી વીતરાગી શિખામણ આપીને ધર્મપ્રેરણા દેનારા સંત મળવા તે મુમુક્ષુના મહાન ભાગ્ય છે...આત્માને સાધવાનો આ સોનેરી અવસર છે. આ દશ બોલની હિતશિખામણ અનુસાર પોતાનાં પરિણામ કરનાર મુમુક્ષુજીવ જરૂર આત્મહિત પામશે.

એક બીજી વાત : આ કળિકાળમાં વીતરાગદેવનો પરમ સત્યમાર્ગ ક્યારેક–ક્યારેક પ્રસિદ્ધિમાં આવે છે, ને ત્યારે રૂઢિગત જીવો દ્વારા તેનો વિરોધ પણ થાય છે. સાચા મુમુક્ષુઓ તો ગમે તેવી કટોકટી વચ્ચે પણ પોતાના હિતને માટે સત્યમાર્ગને વળગી રહે છે. પ્રાણ ભલે છૂટે પણ સત્યમાર્ગને તેઓ છોડતા નથી. સૌરાષ્ટ્રમાં સં. ૧૯૯૯ દરમિયાન ગુરુદેવના વિહાર વખતે આવી પરિસ્થિતિ ઊભી થયેલી, ને મુમુક્ષુઓ સત્યમાર્ગને દ્રઢપણે વળગી રહ્યા; અંતે તે વખતના વિરોધ કરનારા ઘણા પણ પશ્ચાતાપપૂર્વક સત્ય માર્ગમાં આવ્યા, તેઓ આજે ગુરુદેવની છાયામાં આનંદથી આત્મહિતના માર્ગને ઉપાસી રહ્યા છે, ને પોતાને ધન્ય–ધન્ય સમજે છે.

ફરીને, ગુજરાતના વિહાર વખતે પણ મુમુક્ષુ જીવો એવી કટોકટીની પરિસ્થિતિમાં આવ્યા છે; પણ મુમુક્ષુજીવો સત્યમાર્ગને દ્રઢપણે વળગીને આત્મહિતમાં ઉદ્યમી રહેશે. જે અચિંત્ય મહાન ચૈતન્યવસ્તુને સાધવાની છે, જે સત્ય ધર્મને સાધવાનો છે તેની પાસે જગતની કોઈ પરિસ્થિતિ મુમુક્ષુને મુંઝવી શકતી નથી, સત્યથી ડગાવી શકતી નથી; પંચપરમેષ્ઠીભગવંતો એના સાથીદાર છે.

–બ્ર. હ. જૈન

## ગુરુદેવ પાસેથી–

# આપણને સૌને ઉપયોગી સંદેશ

[ આ સંદેશ ભારતભરના મુમુક્ષુઓને માટે ઉપયોગી હોવાથી અહીં આપેલ છે. ]

૧. સૌ સાધર્મીને સરખા ગણીને બધા સાથે હળીમળીને રહેવું જોઈએ.

૨. હું મોટો ને બીજા નાના-એમ કોઈનો તિરસ્કાર ન કરવો જોઈએ.

૩. કોઈ પૈસા વધારે આપે કે ઓછા આપે-તે ઉપરથી માપ ન કરવું જોઈએ, પણ ખાનદાનીથી ને ગુણથી ધર્મ શોભે-તેમ સૌએ વર્તવું જોઈએ.

૪. મુમુક્ષુ-મુમુક્ષુમાં એકબીજાને દેખીને હૃદયથી પ્રેમ આવવો જોઈએ.

૫. ભાઈ, અત્યારે આ વાત મહા ભાગ્યયોગે અહીં આવી ગઈ છે. આ કોઈ સાધારણ વાત નથી. માટે સૌએ સંપથી, ધર્મની શોભા વધે ને પોતાનું કલ્યાણ થાય તેમ કરવું જોઈએ.

૬. એકબીજાની નિંદામાં કોઈએ ઊતરવું ન જોઈએ, એકબીજાને કાંઇ ફેરફાર હોય તો જતું કરવું જોઈએ. નજીવી બાબતમાં વિખવાદ ઊભો થાય-તે મુમુક્ષુને શોભે નહિ.

૭. સૌએ મળીને રોજ એક કલાક નિયમિત જ્ઞાનનો અભ્યાસ, શાસ્ત્રવાંચન કરવું જોઈએ. જ્ઞાનના અભ્યાસ વગર સત્યના સંસ્કાર ટકશે નહીં.

૮. અરે, તીર્થંકરદેવે કહેલો આવો આત્મા સમજવા જે તૈયાર થયો એને બહારમાં નાના-મોટાનાં માન-અપમાન શું?

૯. આ તો પોતે પોતાના આત્માનું હિત કરી લેવાની વાત છે.

૧૦. સંસારથી તો જાણે હું મરી ગયો છું—એમ તેનાથી ઉદાસીન થઈને આત્માનું કલ્યાણ કેમ થાય તે કરવાનું છે.

**મુમુક્ષુઓ, ગુરુદેવની આ શિખામણ આપણને સૌને ઉપયોગી છે, હિતકર છે.**

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) અધિક વૈશાખ : (૩૪૨A)